**સુવિચાર**

સુખ તો સવાર જેવું હોય છે સાહેબ, માંગવાથી નહીં જાગવાથી મળે છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)

mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



હેલમેટનું પાલન કરાવવું જ પડશેઃ પોલીસ અને મનપાના પદાધિકારીઓને ગૃહમંત્રીનો આદેશ P-4

Year-16, Issue-94 ■ DATE : 26-07-2025 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI



# વિદ્યાર્થીઓમાં વધતું આત્મહત્યાનું પ્રમાણ તંત્રની નિષ્ફળતાઃ સુપ્રીમ

## સમગ્ર દેશના વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખી કોર્ટે ૧૫ જેટલી ગાઇડ લાઇન જાહેર કરી

**રાજસ્થાનના કોટામાં વિદ્યાર્થીઓની આત્મહત્યાનું પ્રમાણ વધતા સર્વોચ્ચ અદાલત લાલઘૂમ**

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સ્કૂલ, કોલેજો અને કોચિંગ સેન્ટરોમાં વિદ્યાર્થીઓમાં માનસિક તણાવ, આત્મહત્યાનું પ્રમાણ વધવા સહિતના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે સમગ્ર દેશ માટે ગાઇડલાઇન જાહેર કરી છે. આ ગાઇડલાઇન વિદ્યાર્થીઓની આ પ્રકારની સમસ્યાઓના ઉકેલ લાવવા માટે જાહેર કરાઇ છે. રાજસ્થાનના કોટામાં વિદ્યાર્થીઓની આત્મહત્યાનું પ્રમાણ વધવાની સુપ્રીમે નોંધ લીધી હતી. સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કરતા કહ્યું હતું કે વિદ્યાર્થીઓમાં આત્મહત્યાનું વધી રહેલુ પ્રમાણ તંત્રની નિષ્ફળતાની નિશાની છે. તંત્રએ યોગ્ય વ્યવસ્થા કરી હોત અને આ મુદ્દે ધ્યાન કેન્દ્રીત કર્યું હોત તો આ વિદ્યાર્થીઓને બચાવી શકાયા હોત.

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ વિક્રમનાથ અને ન્યાયાધીશ સંદીપ મેહતાની બેંચે કહ્યું હતું કે વિદ્યાર્થીઓમાં વધી રહેલી આત્મહત્યા ખરેખર એક ગંભીર મામલો છે, જેને પગલે બંધારણીય દખલ દેવી જરૂરી છે. વિશાખાપટ્ટનમમાં એક હોસ્પિટલની છત પરથી પડવાથી વિદ્યાર્થિનીનું મોત નિપજ્યું હતું જે નીટની તૈયારી કરી રહી હતી. આ મામલાની સુનાવણી દરમિયાન જ સુપ્રીમ કોર્ટે સમગ્ર દેશના વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખી ૧૫ જેટલી ગાઇડ લાઇન જાહેર કરી છે. સાથે જ વિદ્યાર્થિનીના મૃત્યુની તપાસ સીબીઆઇને સોંપવા આદેશ કર્યો હતો.

સુપ્રીમ કોર્ટમાં વિદ્યાર્થીઓની આત્મહત્યાના કુલ આંકડા પણ રજુ થયા હતા, નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યૂરોના આંકડા મુજબ વર્ષ ૨૦૨૨ માં આત્મહત્યાની ૧૭૦૯૨૪ ઘટના સામે આવી હતી. જેમાંથી ૭.૬ ટકા એટલે કે ૧૩૦૪૪ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે કે જેમણે માનસિક તણાવને કારણે જીવન ટુંકાવી લીધું. સુપ્રીમની બેંચે નોંધ્યું હતું કે જે પણ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી તેમાંથી ૨૨૪૮એ પરીક્ષામાં નિષ્ફળ જવાને કારણે જીવન ટુંકાવ્યું. છેલ્લા બે દસકામાં વિદ્યાર્થીઓની આત્મહત્યાના આંકડામાં મોટો ઉછાળો આવ્યો છે. વર્ષ ૨૦૦૧માં આંકડો ૫૪૨૫ હતો જે ૨૦૨૨માં વધીને ૧૩૦૪૪એ પહોંચી ગયો.

# થાઇલેન્ડ-કંબોડિયા વચ્ચેના યુધ્ધમાં ૩૨ લોકોના મોત



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દક્ષિણપૂર્વ એશિયામાં ફરી એકવાર યુધ્ધ શરૂ થતા વિશ્વના દેશોમાં ચિંતાનો માહોલ છે. છેલ્લા બે દિવસથી થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં અત્યાર સુધીમાં ૩૨ લોકોના મોત થયા છે અને હજારો લોકોને ઘર છોડવાની ફરજ પડી છે. દરમિયાન, કંબોડિયાએ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કોઈપણ શરત વિના તાત્કાલિક યુદ્ધવિરામ' માટે અપીલ કરી છે. કંબોડિયાના યુએન રાજદૂત ચેયા કિયોએ કહ્યું, અમે ઇચ્છીએ છીએ કે યુધ્ધ તાત્કાલિક બંધ થાય. ઉપરાંત, આ વિવાદનો શાંતિપૂર્ણ ઉકેલ શોધવો જોઈએ. જોકે, આ પ્રસ્તાવ પર થાઈલેન્ડ તરફથી અત્યાર સુધી કોઈ સત્તાવાર પ્રતિભાવ મળ્યો નથી. થાઈલેન્ડે સરહદને અડીને આવેલા તેના આઠ જિલ્લાઓમાં માર્શલ લો લાગુ કર્યો છે. કાર્યકારી વડાપ્રધાન ફુમથમ વેચાયચાઈએ ચેતવણી આપી છે કે પરિસ્થિતિ ખુબજ ખરાબ થઈ રહી છે. તેમણે કહ્યું કે હવે અથડામણો ફક્ત ગોળીબાર સુધી મર્યાદિત નથી, પરંતુ ભારે શષાોનો ઉપયોગ થઈ રહ્યો છે અને. થાઈલેન્ડના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં લગભગ ૫૮,૦૦૦ લોકો સરહદ પરના ગામડાઓ છોડીને ભાગી ગયા છે. કંબોડિયાએ કહ્યું કે ૨૩,૦૦૦ થી વધુ લોકો સુરક્ષિત વિસ્તારોમાં ગયા છે. શાળાઓ બંધ છે, મંદિરો પાસે વિસ્ફોટ થઈ રહ્યા છે અને ગ્રામજનો પોતાના ખેતરો છોડીને પ્લાસ્ટિકના તંબુઓમાં રહી રહ્યા છે.

થાઈલેન્ડ-કંબોડિયા સરહદ પર સતત ત્રીજા દિવસે પણ યુદ્ધ ચાલુ છે. હળવો ગોળીબાર મોટા પાયે તોપમારો અને હવાઈ બોમ્બમારામાં ફેરવાઈ ગયો છે. થાઈલેન્ડે પહેલીવાર યુએસ -૧૬ ફાઇટર જેટ સાથે સક્રિય લડાઇ મિશનમાં તેના સ્થાનિક ડ્રોન તૈનાત કર્યા છે. નાના ડ્રોન ૪૭૨ મોર્ટાર બોમ્બથી સજ્જ મોકલવામાં આવી રહ્યા છે, જે સીધા કંબોડિયન શષાોના ડેપો, તોપખાના કેમ્પ અને રોકેટ લોન્ચિંગ સિસ્ટમને નિશાન બનાવી રહ્યા છે, જેના કારણે ગંભીર નુકસાન થયું છે. સેનાના જણાવ્યા અનુસાર, સોવિયેત નિર્મિત -૭૦ ગ્રેડ રોકેટ સિસ્ટમ પણ એક હુમલામાં નાશ પામી હતી, જે કંબોડિયાની આક્રમક ક્ષમતા માટે મોટો ફટકો હતો.

આ નવીનતમ મુકાબલાના મૂળ સો વર્ષ જૂના છે, જ્યારે ફ્રેન્ચ વસાહતી સમયગાળા દરમિયાન બંને દેશોની સરહદો નક્કી કરવામાં આવી હતી. ત્યારથી, સરહદ વિવાદો અને ખાસ કરીને ખ્મેર-હિન્દુ મંદિરને લઈને બંને દેશો વચ્ચે ઘણી લોહિયાળ અથડામણો થઈ છે. મે મહિનામાં એક કંબોડિયન સૈનિકનું અથડામણમાં મોત થતાં તાજેતરનો તણાવ વધ્યો હતો.

# બંગાળની ખાડીમાં સીસ્ટમ સક્રિય થતા ગુજરાતના અનેક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાત રાજ્યમાં આગામી દિવસોમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે, કારણ કે હાલ એકસાથે ૪ વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે. હવામાન વિભાગે બંગાળની ખાડીમાં ફરી એક વરસાદી સિસ્ટમ સક્રિય થઈ હોવાનું જણાવ્યું છે, જેના કારણે રાજ્યભરમાં ભારે વરસાદની સંભાવના છે. આજે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ ઉપરાંત આગામી ૭ દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર, આજે (૨૬ જુલાઈ) સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની સંભાવના છે. ખાસ કરીને અમરેલી, ભાવનગર, દાહોદ, છોટાઉદેપુર, ભરૂચ, સુરત અને તાપી જિલ્લામાં ભારે વરસાદ પડી શકે છે. આ ઉપરાંત, નર્મદા, વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લા માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આવતીકાલે, ૨૭ જુલાઈએ પણ રાજ્યના કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ વરસી શકે છે.

હવામાન વિભાગે આગામી ૨૬, ૨૭ અને ૨૯ જુલાઈએ રાજ્યના કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે ૨૭ થી ૩૧ જુલાઈ દરમિયાન રાજ્યમાં સારો વરસાદ વરસવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આગામી ૭ દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

બીજી તરફ, જાણીતા હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે પણ વરસાદ અંગે મહત્વપૂર્ણ આગાહી કરી છે. તેમણે જણાવ્યું હતું કે ઓગસ્ટ મહિનાની શરૂઆત સુધી રાજ્યમાં ભારે વરસાદ જોવા મળશે. તેમણે ખાસ કરીને ૨૭ અને ૨૮ જુલાઈના રોજ રાજ્યના કેટલાક ભાગો જળતરબોળ થશે તેવી સંભાવના વ્યક્ત કરી છે.

હવામાન વિભાગની આગાહીને ધ્યાનમાં રાખીને રાજ્યના નાગરિકોને સાવચેત રહેવા અને જરૂરી તકેદારી રાખવા અપીલ કરવામાં આવી છે. નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને વિશેષ કાળજી લેવા સૂચના અપાઈ છે.

# ટેલિવિઝન અને ઈન્ટરનેટ બાળકો પર ગંભીર અસર કરી રહ્યા છેઃ અલ્લાહાબાદ હાઈકોર્ટ



**મુખ્ય સમાચાર, અલ્લાહાબાદ**

અલ્લાહાબાદ હાઈકોર્ટે બાળકો પર ટેલિવિઝન, ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાની 'વિનાશકારી' અસરો પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. કોર્ટે કહ્યું કે, 'આ માધ્યમો બાળકોનું બાળપણ છીનવી રહ્યા છે. અહીં સુધી કે સરકાર પણ આ ટેકનોલોજીની 'અનિયંત્રિત' પ્રકૃતિના કારણે તેના પ્રભાવને નિયંત્રિત નથી કરી શકતી.'

જસ્ટિસ સિદ્ધાર્થે એક કિશોર દ્વારા દાખલ કરાયેલી ફોજદારી રિવિઝન અરજીને સ્વીકારતી વખતે આ ટિપ્પણીઓ કરી હતી, જેમાં કિશોર ન્યાય બોર્ડની સાથે-સાથે કૌશાંબી સ્થિત પોક્સો કોર્ટના આદેશને પણ પડકારવામાં આવ્યો હતો. એવું કહેવામાં આવ્યું હતું કે, સગીર છોકરી સાથે સંમતિથી શારીરિક સંબંધો બાંધવાના કથિત કેસમાં તેની સામે પુખ્ત વયના વ્યક્તિ તરીકેનો કેસ ચલાવવો જોઈએ.

કોર્ટે કહ્યું કે, 'એવું કંઈ રેકોર્ડ પર નથી જે એ દર્શાવે છે કે કિશોર એક શિકારી છે અને કોઈપણ ઉશ્કેરણી વિના અપરાધનું પુનરાવર્તન કરવાની સંભાવના ધરાવે છે. માત્ર એટલા માટે કે તેણે જઘન્ય અપરાધ કર્યો છે, તેની સરખામણી પુખ્ત વયના લોકો સાથે ન કરી શકાય. કોર્ટે નિર્દેશ આપ્યો કે રિવાઈઝર પર કિશોર ન્યાય બોર્ડ દ્વારા સગીર તરીકે કેસ ચલાવવામાં આવે.

રિવિઝન અરજી પર વિચાર કરતા કોર્ટે મનોવૈજ્ઞાનિક મૂલ્યાંકન રિપોર્ટની પણ નોંધ લીધી, જેમાં જાણવા મળ્યું કે, અરજદાર કિશોર એક ૧૬ વર્ષના છોકરાનો ૬૬ હતો. કોર્ટે કહ્યું કે આ તેને બૌદ્ધિક કાર્યની 'સીમાંત' શ્રેણીમાં રાખશે. કોર્ટે વધુમાં કહ્યું કે, સેંગ્યુઈન ફોર્મ બોર્ડ ટેસ્ટના આધારે તેની માનસિક ઉંમર માત્ર છ વર્ષ આંકવામાં આવી હતી.

કોર્ટે રિપોર્ટના તારણોને પણ ધ્યાનમાં લીધા, જેમાં તેના સામાજિક જીવનમાં કેટલીક મુશ્કેલીઓ જોવા મળી હતી, અને નબળા શૈક્ષણિક પ્રદર્શન અને સામાજિક ક્રિયા-પ્રતિક્રિયાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જસ્ટિસ સિદ્ધાર્થે કહ્યું કે, 'કોર્ટને જાણવા મળ્યું છે કે, મનોવૈજ્ઞાનિકનો રિપોર્ટ કિશોરના પક્ષમાં હતો.'

કોર્ટે કહ્યું કે જ્યારે રિવાઈઝરે પીડિતા સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો ત્યારે તે લગભગ ૧૪ વર્ષનો હતો. કોર્ટે એ પણ ધ્યાનમાં રાખ્યું કે પીડિતાને ગર્ભપાતની દવા આપવાનો નિર્ણય તેનો એકલાનો ન હતો, પરંતુ આ નિર્ણયમાં બે અન્ય લોકો પણ સામેલ હતા.

કોર્ટે કહ્યું કે માત્ર જઘન્ય ગુનો કરવાથી કોઈ કિશોરને પુખ્ત વયના તરીકે કેસ ચલાવવાનો અધિકાર આપમેળે નથી મળી જતો. સિંગલ જજે આગળ કહ્યું કે મનોવિજ્ઞાનિકનો રિપોર્ટ કિશોરના પક્ષમાં હોવા છતાં, તેને માત્ર એ આધાર પર અવગણવામાં આવ્યો કે ગુનો જઘન્ય હતો.

કોર્ટે કહ્યું કે, 'નિર્ભયા કેસ એક અપવાદ હતો, સામાન્ય નિયમ નહોતો અને બધા કિશોરો પર પુખ્ત વયના લોકો તરીકે કેસ ચલાવી ન શકાય, જ્યાં સુધી તેમના માનસ પર પડતી એકંદર સામાજિક અને માનસિક અસર યોગ્ય વિચાર કરવામાં ન આવે.' પરિણામે કોર્ટે નીચલી અદાલતો દ્વારા પસાર કરાયેલા આદેશોને વાજબી ઠેરવ્યા નહીં અને તેમને રદ કરી દીધા.

હાઈકોર્ટે બોમ્બે હાઈકોર્ટ દ્વારા મુમતાઝ અહેમદ નાસિર ખાન મહારાષ્ટ્ર રાજ્યના ૨૦૧૯ના ચુકાદામાં કરવામાં આવેલી ટિપ્પણીઓ પર પોતાની સહમતિ વ્યક્ત કરી. તેમાં કહેવામાં આવ્યું છે કે, ટેલિવિઝન, ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા બાળકોના સંવેદનશીલ મન પર વિનાશક અસર કરી રહ્યા છે અને પરિણામે, ખૂબ જ નાની ઉંમરે તેમનું બાળપણ છીનવાઈ રહ્યું છે.

# રાહુલ ગાંધી ગુજરાતમાંઃ વડોદરામાં સહકારી સંગઠન સાથે કરી બેઠક



**મુખ્ય સમાચાર, વડોદરા**

ગુજરાતમાં આગામી વિધાનસભા ચૂંટણી ૨૦૨૭ને ધ્યાનમાં રાખીને કોંગ્રેસે અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ત્યારે સંસદમાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી આજે (૨૬ જુલાઇ) ગુજરાત પહોંચ્યા છે. વડોદરા એરપોર્ટ પર કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ અને કાર્યકરો દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આજે રાહુલ ગાંધી વડોદરાના જીતોડિયા ગામમાં સહકારી દૂધ ઉત્પાદકો અને સહકારી સમુદાયના નેતાઓ સાથે બેઠક યોજશે. આ મુલાકાતમાં દૂધ ઉત્પાદકોની સમસ્યાઓ, સ્થાનિક સહકારી સમિતિઓની સ્થિતિ અને ખેડૂતોના હિત સાથે જોડાયેલા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. કોંગ્રેસ નેતૃત્વનું માનવું છે કે સહકારી મોડેલ ગ્રામીણ અર્થતંત્રની કરોડરજ્જુ છે અને તેને મજબૂત કરવું એ પાર્ટીની પ્રાથમિકતા છે. આ બેઠકમાં સ્થાનિક ખેડૂતોની પણ ભાગીદારી જોવા મળશે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી આજે (૨૬ જુલાઈ) ના રોજ ગુજરાતના આણંદ શહેરમાં પાર્ટીના નવા જિલ્લા પ્રમુખોને સંબોધિત કરશે અને સહકારી દૂધ સમિતિઓ સાથે જોડાયેલા ખેડૂતો અને નેતાઓ સાથે પણ મુલાકાત કરશે. આ પ્રવાસ ખાસ કરીને એવા મુદ્દાઓ પર કેન્દ્રિત રહેશે, જે વર્તમાનમાં ગુજરાતની સહકારી વ્યવસ્થા અને દૂધ ઉદ્યોગને પ્રભાવિત કરી રહ્યા છે.

ગુજરાત કોંગ્રેસે તાજેતરમાં જ જિલ્લા કોંગ્રેસ સમિતિઓના નવા પ્રમુખોની નિમણૂક કરી છે. આ નવા પ્રમુખો માટે ૨૬ થી ૨૮ જુલાઈ સુધી આણંદના એક રિસોર્ટમાં ત્રણ દિવસીય પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. પાર્ટીના પ્રવક્તા મનીષ દોશીના જણાવ્યા અનુસાર, રાહુલ ગાંધી ૨૬ જુલાઈના રોજ સવારે ૧૧ વાગ્યે ઉદ્દઘાટન સત્રને સંબોધિત કરશે. આ સત્રનો ઉદ્દેશ આગામી ૨૦૨૭ની ચૂંટણીઓ માટે રણનીતિ તૈયાર કરવી અને સંગઠનને જમીની સ્તરે મજબૂત બનાવવાનો છે.

# રાષ્ટ્રીય પ્રમુખ અને ઉપરાષ્ટ્રપતિ પદની પસંદગી ભાજપ માટે માથાનો દુઃખાવો બની



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આગામી સમયમાં આવનારી બિહાર વિધાનસભાની ચૂંટણી પૂર્વે એક તરફ મતદારયાદી પુર્નસમીક્ષા મુદે રાજકારણ ગરમાયુ છે અને હવે આગામી સપ્તાહથી ઓપરેશન સિંદૂરની ગરમી પણ સંસદમાં જોવા મળશે તે વચ્ચે અચાનક જ ઉપરાષ્ટ્રપતિ પદેથી જગદીપ ધનખડના રાજીનામાએ રાજકારણમાં જે મજબૂત આંચકા સર્જયા હતા તેને શાંત કરવામાં મોદી સરકાર અને ભાજપને સફળતા મળી છે.

પરંતુ સાથોસાથ હવે ખાલી થયેલા ઉપરાષ્ટ્રપતિ પદ અને લાંબા સમયથી જે રીતે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખની પસંદગી માટે સતત દ્વિધાભરી સ્થિતિ બની રહી છે તે બન્નેનો એક સાથે નિર્ણય લેવા ભાજપે તૈયારી કરી હોય તેવા સંકેત છે. અને તેમાં પણ ભાજપ ચૂંટણીના સમીકરણોને ફીટ બેસાડવા પ્રયત્ન કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે જ વિદેશ પ્રવાસથી પરત ફરી રહ્યા છે અને તે સાથે ચૂંટણી પંચે પણ ઉપરાષ્ટ્રપતિ પદ માટેની પ્રક્રિયા શરૂ કરવાનો બે દિવસ પહેલા સંકેત આપ્યો છે જોકે આ પ્રક્રિયા લાંબી ચાલશે અને ભાજપ છેલ્લે સુધી ઉપરાષ્ટ્રપતિ પદના ચહેરા અંગે પોતાના પત્તા ખોલશે નહીં તેવા સંકેત છે. વિપક્ષો પણ હારેલી બાજીમાં ટકકર આપવા પ્રયત્ન કરશે તે સમયે ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષની લાંબા સમયથી અટકી પડેલી ચૂંટણીમાં પણ હવે આગળ વધે તેવી શકયતા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ ભાજપ આ તક ઉપાડી લેવા તૈયાર છે. અને તે રીતે પણ વિપક્ષ ઉપર સ્કોર કરશે તેવું માનવામાં આવે છે. લાંબા સમયથી ભાજપ અને આરએસએસ વચ્ચે નવા અધ્યક્ષ અંગે ટકકર છે હવે ઉપરાષ્ટ્રપતિની વરણીમાં પણ સંઘ પોતાનો અભિપ્રાય આપી શકે છે.

તેમાં જાતીગત અને રાજકીય બન્ને સમીકરણોને ફીટ બેસાડાશે જો કે અનુમાન મુકાય છે તેમ ઓબીસી અથવા તો લઘુમતી અથવા તો સવર્ણ સમુદાયમાંથી નવા ઉપરાષ્ટ્રપતિ આવશે પણ ભાજપનું ગણીત ચર્ચાથી અલગ હોય છે અને તે મહત્વનું બની જશે.

# મ્યુચ્યુઅલ ફંડ રોકાણમાં ગુજરાતનો દબદબોઃ આંકડો ૫ લાખ કરોડને પાર

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં મ્યુચ્યુઅલ ફંડ એસેટસ અંદર મેનેજમેન્ટનો આંકડો પ્રથમ વખત પાંચ લાખ કરોડને પાર થયો છે અને રાજયમાં જુન મહિનામાં રેકોર્ડબ્રેક માત્રામાં રોકાણ ઠલવાયું હતું.

એસોસીએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડઝ ઈન ઈન્ડિયાનાં સતાવાર રીપોર્ટમાં જણાવાયા પ્રમાણે ગુજરાતમાં મ્યુચ્યુઅલ ફંડ એસેટસ અંડર મેનેજમેન્ટમાં રોકાણનો કુલ આંકડો ૫.૨૭ લાખ કરોડે પહોંચ્યો છે. જે મે મહિનામાં ૪.૯૭ લાખ કરોડ હતો.જુન મહિનામાં રૂા.૨૯૮૮૪ કરોડની વૃધ્ધિ થઈ ચુકી છે.

જે એક મહિનાનો સૌથી મોટો વધારો છે.મ્યુચ્યુઅલ ફંડ એસેટસ અંડર મેનેજમેન્ટમાં ૩.૩૬ લાખ કરોડ ઈકવીટી આધારીત સ્કીમમાં ડેટ ફંડમાં ૮૧૧૮૨ કરોડ અને લીકવીડ ફંડમાં ૬૩૮૮૬ કરોડ છે. ગોલ્ડ એકસચેંજ ટ્રેડેટ ફંડમાં ૯૩૧ કરોડનું રોકાણ છે.

નિષ્ણાંતોના કહેવા પ્રમાણે છેલ્લા બે મહિનામાં શેરબજારમાં સારી એવી તેજીથી ઈન્વેસ્ટરોના સેન્ટીમેન્ટમાં સુધારો જોવા મળ્યો છે. ઉપરાંત ટુંકા ગાળા માટે તેજી જ રહેવાના આશાવાદથી રોકાણમાં આકર્ષણ વધ્યુ છે.એસઆઈપી મારફત રોકાણમાં રસ યથાવત છે.

સાથોસાથ અનેક ઈન્વેસ્ટરો શેરબજારમાં કરેલુ સીધુ રોકાણ નફો મેળવીને પાછુ ખેંચી મ્યુચ્યુઅલ ફંડ માર્ગે ઈન્વેસ્ટમેન્ટ કરી રહ્યા છે. મ્યુચ્યુઅલ ફંડ મારફત રોકાણમાં વૈવિધ્યતાનો લાભ મળતો હોય છે.

જાણકારોના કહેવા પ્રમાણે જુન મહિનામાં સમગ્ર મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગ ક્ષેત્રમાં રોકાણમાં વૃધ્ધિ જોવા મળી હતી. ઈન્વેસ્ટરોની સંખ્યા ખાતામાં વધારો થવા ઉપરાંત એસઆઈપીમાં યોગદાન હતું.રાષ્ટ્રીય સ્તરે હજારોની સંખ્યામાં નવા ઈન્વેસ્ટરો ઉમેરાયા હતા અને લાખો નવા ફોલીયો ખુલ્યા હતા. તે લોકોમાં આર્થિક ક્ષેત્રે વધતી જાગૃતતા તરફ ઈશારો કરે છે.

સાથોસાથ મ્યુચ્યુઅલ ફંડો તરફ લોકોનો ભરોસો પણ સુચવે છે.શહેરીની સાથે સેમી-અર્બન (નાના શહેરો)માંથી નવા ખાતા ખુલ્યા નવા રોકાણનું પ્રમાણ વધી રહ્યું છે.જુન મહિનામાં ઠલવાયેલા નવા રોકાણનાં આધારે ઈન્વેસ્ટરોનું આકર્ષણ વધી રહ્યાનું સુચવાય છે. સેકટર આધારીત તથા નવી પ્રોડકટમાં વધુ રસ છે.

મ્યુચ્યુઅલ ફંડના વિકાસ-વૃધ્ધિ દરમાં ગુજરાત ટોપ-ફાઈવ રાજયોમાં સામેલ છે. જયારે આવતા મહિનામાં પણ આ ટ્રેન્ડ જળવાવાનો આશાવાદ છે. રીટેઈલ ઈન્વેસ્ટરોની સંખ્યા વધતી હોવાથી એસઆઈપી રોકાણ વધી રહ્યું છે. આંકડાકીય રીપોર્ટ મુજબ ગત એપ્રિલમાં ગુજરાતમાં મ્યુચ્યુઅલ ફંડ એસેટ અંડર મેનેજમેન્ટ ૪.૮૦ લાખ કરોડ હતી. આ મહિનામાં ૧૬૬૦૫.૯૭ કરોડની વૃધ્ધિ હતી. મે મહિનામાં તેમાં ૧૭૨૦૮.૩૦ કરોડનો વધારો થયો હતો.જુનમાં ૨૯૮૮૪.૨૭ કરોડ વધીને કુલ ૫.૧૭ લાખ કરોડ થઈ હતી.

# ઉનાના લેરકા ગામે રહેણાંક મકાનમાંથી ઈંગ્લિશ દારૂનો જથ્થો ઝડપી પાડતું પોલીસ તંત્ર

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના લેરકા ગામે ઈંગ્લિશ દારૂનો જથ્થો ઝડપાયો જ્યારે ઈન્સ્પેકટર એમ.એન.રાણા નાઓની સુચના અને માર્ગદર્શન હોય કે પ્રોહી અંગેના કેસો શોધી સુચન કરેલ હોય ત્યારે ઉના વિસ્તારમાં પેટ્રોલિંગમા દરમ્યાન એ.એસ.આઇ શાંતિલાલ વેલાભાઇ સોલંકી પો.હેડ.કોન્સ.હરપાલસિંહ મહાવિરસિંહ ચુડાસમા પો.કોન્સ. રવિસિંહ પ્રદીપસિંહ ગોહીલ ખાનગી રાહે હકીકત મળેલ કે, લેરકા ગામે રહેતા દીલીપભાઇ વિરાભાઇ વાળા રહે.લેરકા ઠે.નવાપરા વાળો ભારતીય બનાવટ વિદેશી દારૂનો જથ્થો પોતાના કબ્જામા રાખેલ છે અને તે હેરવે ફેરવે છે તેવી ચોક્કસ બાતમી આધારે તુરંત જ બાતમીવાળી રહેણાક મકાને આવતા બે ઈસમો મોટર સાયકલમાં વચ્ચેના ભાગે બાચકુ લઇ અને પ્રોહી મુદામાલ સગેવગે કરતા હોય જેઓને સાથે રાખી તેમના કબ્જામાથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ બોટલો મળી આવતા એ.એસ.આઇ જોરૂભા નારણભા મકવાણા પો.હેડ.કોન્સ.નાનજીભાઇ સાર્દુલભાઇ



ચારણીયા તથા પો.કોન્સ.ભાવસિંહ ગોવિંદભાઇ પરમાર ખાનગી રાહે હકીકત મળેલ કે, લેરકા ગામે રહેતા બાજુમા રહેતા વીપુલભાઈ કાનાભાઈ વાળા રહે.લેરકા ઠે. નવાપરા વાળા ના રહેણાક મકાને ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો પોતાના રહેણાક મકાને સંતાડેલ છે તેવી ચોક્કસ બાતમી હકીકત આધારે તુરંત જ બાતમીવાળા રહેણાક મકાનમાં તપાસ કરતા રૂમમા જોતા તેમા પ્લાસ્ટીકના બાચકા બે પડેલ હોય જેમા જોતા તેમા ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો મળી આવતા ઉના પોલીસ સ્ટેશનમા પ્રોહીબીશનની કલમો હેઠળ અલગ અલગ ગુન્હાઓ દાખલ કરી આરોપીઓ (૧) દીલીપભાઇ વિરાભાઇ વાળા ઉ.વ.૨૮ ધંધો.ખેતી રહે.લેરકા ઠે.નવાપરા વિસ્તાર તા.ઉના જી.ગીર સોમનાથ. (૨) વિશાલભાઇ ઉર્ફે વીંછી બાલુભાઇ સોલંકી ઉ.વ.૨૧ ધંધો.ખેતી રહે.લેરકા ઠે.બાપાસીતારામ સામે ગરબી ચોક તા.ઉના જી.ગીર સોમનાથ. (૩) ઉમેશભાઇ અરજણભાઇ બાલશ રહે.જેપુર તા-તાલાળા જી.ગીર સોમનાથ પકડવાનો બાકી (૪) સુનીલભાઇ ઉર્ફ રામો કાનભાઇ વાળા રહે.લેરકા તા.ઉના જી.ગીર સોમનાથ. પકડવાનો બાકી આરોપી (૧) વિપુલભાઇ કાનાભાઇ વાળા રહે.લેરકા ઠે.નવાપરા વિસ્તાર તા.ઉના જી.ગીર સોમનાથ હાજર નહી મળી આવનાર ગુન્હાના નં-(૧) નો પ્રોહી મુદામાલ કબ્જે કરેલ (૧) કિમપ્રીસ સ્પેશ્યલ વ્હીસ્કી ૧૮૦ ... ની બોટલ નંગ-૩૬૭ જેની કિ.રૂ.૩૬,૭૦૦/- (૨) મોબાઇલ નંગ-૦૧ જેની કિ.રૂ.૯,૦૦૦/- (૩) બજાજ કંપનીની મોટર સાયકલ નંગ-૦૧ જેની કિ.રૂ.૯૦,૦૦૦/- કુલ એક લાખથી વધુનું મુદ્દામાલ પોલીસે કબજે કરી અને કાયદેસરની કાર્યવાહી કરતી ઉના પોલીસ.

# જામનગર જિલ્લાના ખેડૂતોને ન્યાય અપાવવાના મામલે કોંગ્રેસ આપ્યું આવેદનપત્ર





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ખેડૂતોના કલ્યાણ અને પાક વીમા પોર્ટલને લગતી સમસ્યાઓના નિરાકરણ માટે એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના કાર્યકરો અને ખેડૂતો મોટી સંખ્યામાં જિલ્લા કલેક્ટર કચેરી પહોંચ્યા હતા અને આવેદનપત્ર પાઠવીને પોતાની રજૂઆતો કરી હતી. આ રેલી દરમિયાન કોંગ્રેસ દ્વારા ''ખેડૂતોને છેતરવાનું બંધ કરો'' અને ''ખેડૂતોની કોણીએ ગોળ લગાવવાનું બંધ કરો'' જેવા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા, જે સરકારની ખેડૂત વિરોધી નીતિઓ પ્રત્યેનો આક્રોશ દર્શાવતા હતા.કોંગ્રેસના આકરા પ્રહાર જામનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મનોજ કથીરીયાની આગેવાની હેઠળ આયોજિત આ રેલીમાં, કોંગ્રેસના અનેક કાર્યકરો ખેડૂતોને સાથે રાખીને પોતાના હાથમાં પોસ્ટરો અને બેનર લઈને કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા. ત્યારબાદ ખેડૂતોને ન્યાય અપાવવાના મામલે વિસ્તૃત આવેદનપત્ર પાઠવીને રજૂઆત કરવામાં આવી હતી.આ અંગે મનોજ કથીરીયાએ સરકાર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં સામાન્ય માણસ સોશિયલ મીડિયા પર સરકાર વિરુદ્ધ પોસ્ટ મૂકે તો તેને ષડયંત્ર ગણી જેલમાં ધકેલી દેવામાં આવે છે. જ્યારે રાજ્યના કૃષિ મંત્રી અને રાજ્યના ખેતી નિયામક અનેક વખત સરકારને બદનામ કરવાનું અને સરકાર સાથે કાવતરું કરવાના ષડયંત્રો કરી ચૂક્યા છે. જેના અનેક પુરાવા સરકારને આપવામાં આવ્યા હોવા છતાં તેમના વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી.તેમણે ઉદાહરણ આપતા કહ્યું કે, ગત ઓક્ટોબર મહિનામાં થયેલા કમોસમી વરસાદનું રાહત પેકેજ માત્ર કપાસ પાકમાં જ આપવામાં આવ્યું છે, જ્યારે મગફળી અને અન્ય પાકોને અન્યાય થયો છે.વધુમાં, તેમણે 'ડિજિટલ ઈન્ડિયા' અને 'ડિજિટલ ગુજરાત'ની વાતો વચ્ચે છેલ્લા ૧૧-૧૨ દિવસથી પાક વીમા પોર્ટલ ખુલતું ન હોવાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. રાહત પેકેજને ''માત્ર એક લટકતું ગાજર'' ગણાવી, કોંગ્રેસે સરકારની ખેડૂત વિરોધી નીતિઓ સામે સખત વિરોધ દર્શાવ્યો હતો.

# ફાયર વિભાગના અધિકારીઓ દ્વારા 300 થી વધુ બહેનોને લાઈવ ડેમો સાથે ફાયર સેફ્ટીની તાલીમ અપાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, મહિલા અને બાળ અધિકારીની કચેરી, જામનગર દ્વારા કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ ખાતે ફાયર સેફ્ટી તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.



મહિલા અને બાળ અધિકારી ડો. પી.આર. ડોડીયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ તાલીમમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ, સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ સપોર્ટ બેઈઝ સેન્ટર, ૧૮૧ અભયમ, ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન,વિકાસ ગૃહ રેસ્ક્યુ હોમ, આંગણવાડીના બહેનો, તેમજ કસ્તુરબા સ્ત્રી વિકાસગૃહ હાઈસ્કૂલની દીકરીઓ સહિત ૩૦૦ થી વધુ બહેનો અને દીકરીઓ હાજર રહી હતી.

આગ જેવી આકસ્મિક ઘટનાઓ સમયે સલામતી જાળવવા અને સ્વ-રક્ષણ માટે જાગૃતિ કેળવવા હેતુ યોજાયેલ આ તાલીમમાં ફાયર વિભાગના સ્ટેશન ઓફિસર સુમેળ ઉપેન્દ્ર, જસ્મીન ભેસદડિયા, પ્રોજેક્ટ ઓફિસર પરેશ રાઠોડ અને ફાયરમેન મનીષભાઈ તથા સંદીપભાઈ દ્વારા ફાયર સેફ્ટીની તાલીમ લાઈવ ડેમો સાથે આપવામાં આવી હતી જે ઉપસ્થિત બહેનો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થઈ હતી.

# જાહેરમાં ગંજીપાનાથી જુગાર રમતા પાંચ મહિલા સહિત સાત ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મેઘપર નજીકના પન્નાનેસમાં ગંજીપાનાથી જુગાર રમતા આઠ શખ્સને પોલીસે પકડી પાડ્યા છે. પટમાંથી રૂા.૧૫૧૧૦ કબજે કરાયા છે. જ્યારે નાઘેડીમાં જુગાર રમતા બે શખ્સ અને પાંચ મહિલાને પકડી પાડી પોલીસે પટમાંથી રૂા.૨૮૫૦૦ કબજે લીધા છે.લાલપુર તાલુકાના મેઘપર પાસેના પન્નાનેસમાં જાહેર રોડ પર જુગારની મહેફિલ જામી હોવાની બાતમી પરથી મેઘપર પોલીસ સ્ટેશનના સ્ટાફે દરોડો પાડ્યો હતો. ત્યાં ગંજીપાના વડે જુગાર રમતા સહદેવ કમાભાઈ ગુજરીયા, ભીખાભાઈ બિજલભાઈ મકવાણા, પ્રવીણભાઈ કાનજીભાઈ ભટાસણા, કિરીટસિંહ બળુભા જેઠવા, જયેન્દ્રસિંહ ચંદુભા વાઢેર, વનરાજસિંહ ભરતસિંહ પીંગળ, પ્રજીતસિંહ જશવંતસિંહ દેદા, વિનોદભાઈ દેવાભાઈ ચોપડા નામના આઠ શખ્સ ઝડપાઈ ગયા હતા. પટમાંથી રૂા.૧૫૧૧૦ કબજે કરવામાં આવ્યા છે.

જામનગર-ખંભાળિયા રોડ પર નાઘેડી ગામ નજીક શિવાલીક સોસાયટી પાસે જાહેરમાં તીનપત્તી રમતા કાનાભાઈ હાજાભાઈ ભાટીયા, હરપાલસિંહ અજીતસિંહ જાડેજા, ગીતાબા નરેન્દ્રસિંહ જાડેજા, નંદુબેન કાનાભાઈ ભાટીયા, ક્રિષ્નાબા અજીતસિંહ જાડેજા, અજાયબેન જગાભાઈ ડાંગર, જાનાબેન કરશનભાઈ ભાટીયા નામના સાત વ્યક્તિને પંચકોશી બી ડિવિઝન પોલીસે પકડી લઈ પટમાંથી રૂા.૨૮૫૦૦ ઝબ્બે લીધા છે.

# જામનગર છોટાકાશીના શિવમંદિરોમાં ગુંજ્યો હર હર મહાદેવનો નાદ



જામનગર શિવાલયોમાં વહેલી સવારથી ભક્તો ઉમટી પડ્યા હતાં. વાતાવરણમાં હર હર મહાદેવનો નાદ ગૂંજી ઉઠ્યો હતો. નાગેશ્વર વિસ્તારમાં આવેલ પૌરાણિક શ્રી સિદ્ધનાથ મહાદેવ મંદિર, શ્રી નાગેશ્વર મહાદેવ મંદિરે શિવ ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યુ હતું. કે.વી. રોડ પર આવેલ શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરે પણ દર શ્રાવણ માસની જેમ આ વખતે શિવ આરાધનાનાં વિશેષ આયોજનો કરવામાં આવ્યા છે. ટાઉનહોલ નજીક ગૌરવ પથ પર આવેલ શ્રી ભીડભંજન મહાદેવનાં પ્રાચીન મંદિરે પણ વહેલી સવારથી ભક્તો બમ બમ ભોલોનાં જયકારા સાથે ઉમટ્યા હતાં.

# મંદિરે આરતી કરી પરત ફરતા વૃદ્ધાના ગળામાથી સોનાના ચેઈનની ચીલઝડપ

## ડબલ સવારી બાઇક પર આવેલી બેલડી સોનાનો ચેઇન ઝૂંટવી નાસી છૂટ્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગાંધીગ્રામ પાસે લાખના બંગલા નજીક આવેલ અક્ષરનગર-૩માં રહેતા મંજુલાબેન ડાહ્યાભાઈ મોલીયા(ઉ.વ.૭૩) ગાંધીગ્રામ માં આવેલ જુના એરપોર્ટ રોડ પર રાધાકૃષ્ણ મંદિરે સાફ-સફાઈ કરી અને આરતી કરી પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે બે અજાણ્યા શખ્સો ડબલ સવારી બાઈક પર આવી મંજુલાબેને ગળામાં પહેરેલ ૬૦ હજારની સોનાની માળા અને દ્રાક્ષની ચિલઝડપ કરી ફરાર થઈ ગયા હતા.આ મામલે ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

મંજુલાબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈકાલે મારા ઘરેથી સાંજના મારા ઘરની નજીકમાં આવેલ રાધાકૃષ્ણ મંદિરે જઈ મંદિરની સાફ-સફાઈ કરી પુજા-આરતી કરવા ગયેલ અને અને સાંજના આરતી પુરી થતા હું મંદિરથી મારા ઘરે આવવા એકલી જ નીકળેલ અને મંદિરની બહાર નિકળતા રોડ ઉપર બે અજાણ્યા માણસે એક બાઈક ઉપર બેસીને મારી સામેની બાજુથી આવેલ અને મારી બાજુમાંથી બાઈક પસાર થતા બાઈક પાછળ બેઠેલ વ્યક્તિએ મારા ગળામાં જોટ મારી મે પહેરેલા ૬૦ હજાર વાળો સોનાનો ચેઈન તથા રૂદ્રાક્ષનો પારો ખેંચતા હું નીચે પડી ગયેલ અને આ લોકો બાઈક પર નાસી ગયેલ અને ત્યારબાદ મેં દેકારો કરતા આજુ બાજુમાથી માણસો ભેગા થઇ ગયા હતા. મે આ બાબતે મારા નાના દિકરા રાકેશભાઈને ફોનથી જાણ કરેલ અને મારા નાના દિકરાએ ફોનથી તેની પત્ની સોન લને જાણ કરેલ અને આ મારા નાના દીકરાની વહુ સોનલ તથા મારો મોટો દીકરો રાજેશભાઈ ત્યાં મારી પાસે આવેલ અને આજુબાજુમા બાઈક પર આવેલ માણસો વિશે તપાસ કરતા મળી આવેલ ન હોય જેથી ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# શહેરમાં ૬ માસની બાળકી અને પ્રૌઢાને જીવલેણ રોગચાળો ભરખી ગયો

## બાળાનું શરદી અને પ્રૌઢાનું ઝાડા ઉલ્ટીની બિમારી સબબ મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રોગચાળોએ માઝા મૂકી હોય તેમ છાશવારે રોગચાળાના કારણે અનેક લોકોના મૃત્યુ પાયની ઘટના પ્રકાશમાં આવી રહી છે. ત્યારે વધુ બે બનાવમાં જીવરાજપાર્કમાં માસની બાળકીનું સરદી અને રામનાથપરાના પ્રૌઢાનું ઝાડા ઉલ્ટીની બિમારી સબબ મોત નીપજ્યુ છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ જીવરાજપાર્કમાં આવેલ કલરવ એપાર્ટમેન્ટમાં રહેતા નીપાળી પરિવારની આયુશા નરેન્દ્રભાઈ બુઢા નામની ૬ મહિનાની બાળકી શરદીની બિમારી સબબ બેભાન હાલતમાં ઢળી પડી હતી. માસુમ બાળકીને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જયા બાળકીનુ મોત નીપજતા નેપાળી પરિવાર શોકમાં ગરકાવ થઇ ગયો હતો.

બીજા બનાવમાં રામનાથપરામાં રહેતા ગૌરીબેન પ્રેમજીભાઈ ઢાપા નામના ૪૫ વર્ષના પ્રૌઢા ઝાડા ઉલ્ટીની બિમારી સબબ રામનાથ મહાદેવના મંદિર સામે બેભાન હાલતમાં ઢાળી પડતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયા ફરજ પરના તબીબે પ્રૌઢાને નીષ્પ્રાણ જાહેર કરતા પરિવારમાં ગમગીની છ્વાઈ જવા પામી હતી. ઉપરોક બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ પરી છે.

# ભીસ્તીવાડના નામચીન શખ્સે ફરી લખણ ઝળકાવ્યાઃ ફિલરમેનને આપી ધમકી

## પોલીસ ફરિયાદ પાછી ખેંચી લેવાનું કહી ધમકી આપતા ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૫૦ ફૂટ રીંગ રોડ પર રામાપીર ચોકડી નજીક આવેલા ઓમ પેટ્રોલપંપે ફિલરમેન તરીકે નોકરી કરતાં જયદીપ પરમારને કારમાં ધસીઆવેલા અકરમ રફિકભાઈ દાઉદાણી (રહે, ભીસ્તીવાડ) સહિતના શખ્સોએ ગાળો દીધા બાદ કાર અન્ય ફિલરમેન મનોજ ભીખાભાઈ તન્ના (ઉ.વ.૩૧, રહે, જય જવાન જય કિશાન સોસાયટી, મોરબી રોડ, મુળ વેરાવળ) પાસે જઈ ગાળો દઈ અગાઉ કરેલી ફરીયાદ પાછી ખેંચી લેવાનું કહી પમકી આપ્યાની ગાંધીગ્રામ-૨ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

ફિલરમેન મનોજ તન્નાએ પોલીસને જણાવ્યું કે રાત્રે તે અને જયદીપ પરમાર નાઈટ ડ્યુટીમાં હતા ત્યારે આરોપી અમ કાર લઈને ત્યાં ધસી આવ્યો હતો. બાદમાં તે જયદીપને બુમાબુમ કરી ગાળો

દઈ બોલાવતો હોવાથી જયદીપ તેની કાર પાસે ગયો હતો. અને અકરમને અત્યારે માથાકુટ ના કરો, સવારે આવજો તેમ કહી પરત આવી ગયો હતો. ત્યારબાદ આરોપીએ કાર થોડી આગળ લઈ તેની પાસે આવી મારા વિરૂધ્ધધ જે ફરીયાદો કરેલી છે તે પાછી ખેંચી લે જે, નહીતર જાનથી મારીનાખીશ કહી ધમકી આપી હતી.

આ સમયે ફારની અંદર અન્ય ત્રણ રાખ્સો પણ બેઠા હોય તેમાંથી પાછળ બેસેલા અજાણ્યા શખ્સે પણ ગાળો બોલવા લાગ્યા હતાં. ત્યારબાદ આરોપી અકરમે અત્યારે જવા દઈએ. પછી આપણે જોઈ લેશું કહી ત્યાંથી જતા રહ્યા હતાં. હાલ ગાંધીગ્રામ-૨ પોલીસે મનોજ તવાની ફરિયાદ પચી અકરમ દાઉદાણી અને અજાણ્યા રાખ્સ સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

# ધો.૧૧ની છાત્રા પાસેથી ઈન્સ્ટાગ્રામ મિત્રએ અકસ્માતના બહાને ૧.૧૦ લાખ ખંખેર્યા

## પૈસા પરત ન આપી મોબાઈલ સ્વિચ ઓફ કરી દેનાર શાપરના શખ્સની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આંબેડકરનગરમાં રહેતા વજાભાઈ (ઉ.૪૫)ની દીકરીનો ઈન્સ્ટાગ્રામ મિત્ર રોહિત ઉર્ફે આશિષ ઉર્ફે લાલો પ્રવીણભાઈ ચાવડાએ પોતાનો અકસ્માત થયાનું કહી વજાભાઈની દીકરી પાસેથી અલગ અલગ સમયે ૧.૧૦ લાખ રૂપિયા મેળવી લઈ અને બાદમાં પરત નહીં આપી વિશ્વાસઘાત કરતા અંતે તાલુકા પોલીસમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

વજાભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, મારી દીકરી કાલાવાડ રોડ ખાતે ધોરણ-૧૧ મા અભ્યાસ કરે છે. જે મારી દીકરી આજથી બે વર્ષ અગાઉ આ રોહીત ઉર્ફે આશીષ ઉર્ફે લાલો પ્રવિણભાઈ ચાવડા સાથે ઈન્સ્ટાગ્રામ મારફતે પરીચયમાં આવી હતી. અને બન્ને વચ્ચે મિત્રતા હતી અને તેઓ બન્ને ફોનમાં એકબીજા સાથે વાતચીત પણ કરતા હતા જે વાતની જે-તે સમયે અમને જાણ ન હતી અને આ વાતની જાણ અમોને થતા અમોએ અમારી દીકરી પાસેથી મોબાઇલ લઇ લીધો હતો. બાદમાં મારી દીકરી એ અમોને જણાવેલ કે આ રોહીત ઉર્ફે આશીપ ઉર્ફે લાલો પ્રવિણભાઈ ચાવડા એ મારી દીકરીને પોતાનું એક્સીડન્ટ થયું હોય જેથી પોતાને પૈસાની જરુર છે અને પોતે સાજો થઈ જાય એટલે પૈસા પાછા આપી દઈશ તેમ જણાવી મારી દીકરીને વિશ્વાસમાં લઈ જેથી દીકરીએ આ રોહીત ચાવડાના વિશ્વાસમાં આવી જઇ અમારા ઘરેથી રોકડા રૂપિયા લઈ કટકે કટકે ફેબ્રુઆરી-૨૦૨૪ થી જુલાઈ-૨૦૨૪ ના સમયગાળા દરમ્યાન કુલ રૂ. ૧,૧૦,૦૦૦/- આ રોહીત ને તેને ખાતામાં ટ્રાન્સફર કરાવેલ હતા અને બાદમાં અમોએ આ રોહીત પાસે ફોન કરી આ મારી દીકરીએ તેને આપેલ અમારી રકમ પસ્ત માંગતા પોતે અવાર નવાર વાયદાઓ કરી જુદી જુદી તારીખો આપી બહાના બતાવતો હોય અંતે તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# સોરઠિયાવાડી સર્કલ પાસે આંચકી આવતા ઢળી પડેલા વૃદ્ધને અજાણ્યા કાર ચાલકે ઉલાળતા મોત

## પત્ની અને બાળકોએ તરછોડી દેતા વૃદ્ધ એકલવાયુ જીવન જીવતા'તા; કાર ચાલકની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**



શહેરમાં છેલ્લા પાંચ વર્ષથી પત્ની અને સંતાનોએ તરછોડી દેતા એકલવાયુ જીવન જીવતા વૃદ્ધ સવારના સમયે સોરઠિયાવાડી સર્કલ પાસે ચાલીને જતા હતાં ત્યારે આંચકી આવતાની સાથે જ બેભાન હાલતમાં ઢળી પડયા હતાં. તે દરમિયાન શેરીમાંથી પુરપાટ ઝડપે ધસી આવેલી કારના ચાલકે વૃદ્ધને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. હિટ એન્ડ રનની ઘટનામાં થવાયેલા વૃદ્ધનું મોત નિપજતાં પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ સોરઠિયાવાડી સર્કલ નજીક ૮૦ ફુટ રોડ ઉપર હર્ષદભાઈ વલ્લભભાઈ કુવારડિયા નામના ૬૫ વર્ષના વૃદ્ધ સવારના નવેક વાગ્યાના અરસામાં ચાલીને જઈ રહ્યા હતાં ત્યારે વૃદ્ધને આંચકી આવતા બેભાન હાલતમાં ઢળી પડયા હતાં. તે દરમિયાન શેરીમાંથી માતેલા સાંઢની માફક ધસી આવેલી કારના ચાલકે વૃદ્ધને ટોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જી કાર ચાલક નાશી છૂટયો હતો. હિટ એન્ડ રનની ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છ્વાઈ જવા પામી છે. આ અંગે જાણ થતાં ભક્તિનગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક ઘટના સ્થળે દોડી ગયો હતો અને વૃદ્ધના મૃતદેહને પોસ્ટ મોટર્મ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયો હતો. પ્રાથમિક પુછપરછમાં મૃતક વૃદ્ધ

છ ભાઈ ચાર બહેનમાં વચેટ હતાં અને છેલ્લા પાંચેક વર્ષથી પત્ની અને પુત્ર તરછોડી ચાલ્યા ગયા હતાં. ત્યાથી રખડતુ, ભટકતુ જીવન જીવતા વૃદ્ધ દારૂ પીવાની કુટેવ ધરાવતા હતાં. ત્યાર બાદ વૃદ્ધ સવારના સમયે સોરઠિયાવાડી સર્કલ પાસેથી પસાર થઈ રહ્યા હતાં ત્યારે આંચકી આવતા ઢળી પડતાની સાથે જ કારચાલકે કચડી નાખ્યા હોય તે જાણવા મળ્યું છે. આ બનાવ અંગે ભક્તિનગર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# શહેરની ભાગોળેથી ૧.૩૪ લાખનો દારૂ ભરેલી કાર સાથે બેલડી ઝડપાઈ

## ૪૨ બોટલ દારૂ, કાર અને મોબાઈલ મળી ૬.૪૪ લાખનો મુદ્દામાલ જપ્ત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેર ના કુવાડવા ગામ રાજકોટ અમદાવાદ હાઈવે રોડ પર આવેલ ખોડિયાર હોટલ પાસે ક્રેટા કારમાં બનેલ ચોર ખાનામાંથી ભારતીય બનાવટનો અલગ અલગ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની બોટલ નંગ ૪૨ કિ.રૂા. ૧.૩૪.૮૨૦ના મુદ્દામાલ સાથે બે ઈસમોને રાજકોટ શહેર ક્રાઈમ બ્રચે ઝડપી લીધા હતાં.



રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગરિયા, નાયબ પોલીસ કમિશનર (કાઈમ) ડો. પાર્થરાજસિંહ ગોહિલ અને મદદનીશ પોલીસ કમિશનર (ક્રાઈમ) ભરત બી. બસિયા દ્વારા મીલકત સબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ રાજકોટ શહેરમાં પ્રોહિબીશનની ગુન્હાખોરી ઉપર અંકુશ રહે તે હેતુસર રાજકોટ શહેરમાં પ્રોહિબીશન તથા જુગારની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા અને અસરકારક કામગીરી કરવા સુચના કરેલ જે સુચના અન્વયે ક્રાઈમ બ્રાંચના પોલીસ ઈન્સ. એમ.આર. ગોંડલિયા, એમ.એલ.ડામોર અને સી.એચ. જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એએન પરમાર સહિતની ટીમને મળેલ સંયુક્ત બાતમી આધારે અમદાવાદ રાજકોટ હાઈવ પર કુવાડવા પાસેથી વિદેશી દારૂ ભરેલી રૂા. ૧.૩૪.૮૨૦ની કિંમતની વિદેશી દારૂની ૪૨ બોટલ દારૂ સાથે ચંદ્રસિંહ ઉર્ફે રવી જયંતિલાલ ચૌહાણ (રહે. હાલ બાપુનગર ક્ષત્રિય સમાજની વાડીની બાજુમાં ભેંચાઉ ગામ તા. ભચાઉ જી. કચ્છ અને ઈકબાલ આમદશા સૈયદ (રહે. ૩.૭૧, સેક્ટર નં. ૦૪, શાહુનગર, અધોઈ પસકાયારા, કચ્છ)ને ઝડપી લીધા હતાં. પોલીસે દારૂ, કાર અને મોબાઈલ મળી રૂા. ૬.૪૪.૮૨૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# રાજકોટની રેનોલ પોલીકેમનો IPO આવશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ગોડલ હાઈ-વે ઉપર કોઠારિયા પાસે આવેલી રેનોલ પોલીકેમ લિમિટેડ કલર પીગમેન્ટ અને એડિટિવ માસ્ટરબેચની અગ્રણી ઉત્પાદક કંપની છે અને આ ક્ષેત્રે વિશ્વાસના પ્રતિક તરીકે ઓળખાય છે. રેનોલ પોલીકેમ લિમિટેડ આ મહિનાના અંતમાં પ્રાઈમરી માર્કેટમાં પ્રવેશ કરી રહી છે.

કંપની માર્કેટમાંથી તેના એક્સપાન્સન પ્લાન માટે ૨૫.૭૭ કરોડ રૂપિયા એકત્ર કરવા ધારે છે અને આ આઈ.પી.ઓ.ને ખુબ સારો પ્રતિસાદ મળશે તેવી આશા કંપનીના સંચાલકો રાખી રહ્યા છે. આ આઈ.પી.ઓ અંગે પત્રકારો સાથે વાતચીત કરતી વખતે કંપનીના સંચાલકોએ કહ્યું હતું કે, પબ્લિક માટે આ આઈ.પી. ઓ. ૩૧ જુલાઈના રોજ ખુલશે અને ૦૪ ઓગસ્ટના રોજ બંધ



થશે..

તેમણે કહ્યું હતું કે, શેરની કુલ સંખ્યા ૨૪.૫૪ લાખ છે. જાહેર ભરણુ ખુલે તે પૂર્વે ૩૦ જુલાઈએ એન્કર ઈન્વેસ્ટમેન્ટ માટે ખુલશે કંપની પાસે ક્વોલીફાઈડ ઈન્ડસ્ટ્રીયલ બાયર ૬.૪૦ લાખ શેર છે. જયારે ના ૩.૪૯ લાખ શેર અને રીટેલ્સમાં ૧૩.૧૫ લાખ શેર છે. પ્રત્યેક શેરની ૧૦ કેસ વેલ્યુનાં ઈક્વિટીશેર દીઠ ૧૦૦-૧૦૫ નો પ્રાઈઝ બેન્ડ છે.

# ભારતીય કુસ્તીબાજો સફળતા મેળવવા માટે અપનાવી રહ્યા છે શોર્ટકટઃ ડોપિંગના કેસ વધ્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આ ઝડપી ગતિશીલ જીવનમાં, દરેક વ્યક્તિ સફળતા મેળવવા માટે શોર્ટકટ લેવા માંગે છે અને આપણા દેશના કુસ્તીબાજો પણ આ દોડમાં જોડાયા છે. ઝડપી સફળતા અને જાગૃતિના અભાવે, ભારતીય કુસ્તી ડોપિંગના દલદલમાં ફસાઈ રહી છે. જો આપણે રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી એજન્સી (NADA) ના સસ્પેન્ડ કરાયેલા ખેલાડીઓની યાદી પર નજર કરીએ તો ખબર પડે છે કે કુસ્તી હવે ડોપિંગના સૌથી વધુ કેસોમાં એથ્લેટિક્સ પછી બીજા ક્રમે છે. ચિંતાજનક વાત એ છે કે, NADA દ્વારા સસ્પેન્ડ કરાયેલા ખેલાડીઓમાં જુનિયર સ્તરના કુસ્તીબ-ાજોનો પણ સમાવેશ થાય છે. જાગૃતિના અભાવે, ખેલાડીઓ એવા પદાર્થોનું સેવન કરે છે જે પ્રતિબંધિત યાદીમાં હોય છે.

# રાજકોટ-ભુજ વચ્ચે ચલાવવામાં આવશે ત્રિ-સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને રાજકોટ અને ભુજ વચ્ચે ત્રિ-સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે

ટ્રેન નંબર ૦૯૫૪૫/૦૯૫૪૬ રાજકોટ-ભુજ-રાજકોટ ત્રિ-સાપ્તાહિક સ્પેશિયલ (કુલ ૫૪ ફેરા)

ટ્રેન નંબર ૦૯૫૪૫ રાજકોટ-ભુજ સ્પેશિયલ ૨૯ જુલાઈ, ૨૦૨૫ થી ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી રાજકોટથી દર મંગળવાર, ગુરુવાર અને શનિવારે રાત્રે ૨૨.૩૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૫.૦૦ વાગ્યે ભુજ પહોંચશે. તેવી જ રીતે, રિટર્ન માં ટ્રેન નંબર ૦૯૫૪૬ ભુજ-રાજકોટ સ્પેશિયલ ૩૦ જુલાઈ, ૨૦૨૫ થી ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી ભુજથી દર બુધવાર, શુક્રવાર અને રવિવારે રાત્રે ૨૩.૧૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૫.૫૦ વાગ્યે રાજકોટ પહોંચશે.

આ ટ્રેન માર્ગમાં બંને દિશામાં મોરબી, દહિંસરા, માળિયા-મિયાણા, સામખિયાળી, ભચાઉ, ગાંધીધામ, આદિપુર અને અંજાર સ્ટેશનો પર ઊભી રહેશે. આ ટ્રેનમાં એસી ૨ ટિયર, એસી ૩ ટિયર, સ્લીપર અને સામાન્ય શ્રેણીના કોચ ઉપલબ્ધ રહેશે.

ટ્રેન નંબર ૦૯૫૪૬/૦૯૫૪૫ માટેનું બુકિંગ ૨૬ જુલાઈ, ૨૦૨૫ થી તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી (IRCTC) વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને કોચની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# શહેરમાં ફરજિયાત ટોપા (હેલ્મેટ) પહેરાવાશે તો કોંગ્રેસ આંદોલન કરશે

### ટ્રાફિકના તમામ નિયમોનું ચુસ્તપણે અમલીકરણ કરો અને રસ્તામાં ખાડાની મરામત કરો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડો. રાજદીપસિંહજી જાડેજા ની યાદી મુજબ રાજકોટ શહેર પોલીસ તંત્ર દ્વારા ૮ સપ્ટેમ્બર થી રાજકોટ શહેર માં ટુ વ્હીલર્સ વાહન ચાલકો માટે ફરજિયાત હેલ્મેટ પહેરાવવા અંગે પોલીસ તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. અગાઉ પણ પોલીસ તંત્ર દ્વારા હેલ્મેટ ના નામે લાખો નો દંડ ફટકારી વાહન ચાલકો સામે ઉઘાડી લુટ ચલાવી હતી. શહેરમાં રસ્તાઓ ટનાટન રાખવા, ટ્રાફિક વ્યવસ્થા સુદ્રઢ બનાવવી, પોલીસ કમિશનરના જાહેરનામાનો કડક અને ચુસ્ત અમલ કરાવવો સહિતના અનેક કાયદાઓ અમલમાં છે પરંતુ તેને તંત્ર ઘોળીને પી ગયું છે. અને ફક્ત હેલ્મેટ નો કાયદો વખતો વખત યાદ આવે અને વાહન ચાલકો સામે લૂંટ ચલાવી સરકારી તિજોરી ભરવાનું આ એક હથિયાર છે.

આમ તો રાજકોટ શહેર એ રંગીલુ શહેર છે મોડી રાત્રી સુધી ચહલ પહલ હોય છે રાજકોટ શહેરના રસ્તાઓ ભાંગીને ભૂકો થયા છે રસ્તાઓમાં અનઅધિકૃત સ્પીડ બ્રેકરો અને ઠેર ઠેર દબાણો ને પગલે રાજકોટમાં ઓવર સ્પીડમાં ટુ વ્હીલર્સ ચાલી શકે તેવી કોઈ પરિસ્થિતિ નથી. હાડકા તોડ રસ્તાઓના પગલે વાહન એકદમ ધીમું ચલાવવું પડે છે ત્યારે હેલ્મેટ શહેરમાં પહેરવાથી અનેક મુશ્કેલીઓનો સામનો વાહન ચાલકોને કરવો પડે છે. આમ જોઈએ તો રાજકોટમાં નિયમિત લાખોનો દંડ કરી દર મહિને ૧ કરોડનો દંડ ટ્રાફિક પોલીસ વસૂલતી હોય છે હવે આ દંડ ઓછો પડતો હોય એટલે હેલ્મેટનું ગતકડું કાઢી સરકારી તિજોરી ભરવા સિવાય કોઈ ઉદ્દેશ્ય હોય એવું લાગતું કારણ કે શહેરમાં જે અકસ્માતો થયા છે તેમાં હેલ્મેટ ચાલકોએ પણ જાન ગુમાવ્યા ના બનાવો રેકોર્ડ પર છે. હેલ્મેટ વગરના થયેલા મોત એક ટકા પણ નથી જે પ્રાણ ઘાતક અકસ્માતો થાય છે તેમાં ભારે વાહનો અને વાહન ચાલકોની બેદરકારીના કારણે થઈ રહ્યા છે. ટ્રાફિક માટે રાજ્ય સ્તરની કે રાજકોટ મહાનગરપાલિકા કે રાજકોટ પોલીસ તંત્રની કોઇ રણનીતિ કે પ્લાનિંગ છે નહીં. હાલ તો ટ્રાફિક પોલીસ નું તંત્ર ફક્ત કાયદેસરના અને ગેરકાયદેસરના ઉઘરાણા સિવાય કોઈ કામ થતું નથી ટ્રાફિક નિયમન નું કામ ખોરંભે પાડી દીધું છે. જેને પગલે શહેરમાં ઠેર ઠેર ટ્રાફિક જામ થાય છે.

રાજકોટ શહેરમાં પોલીસ તંત્ર દ્વારા જો સત્તાના જોરે શાસકોના ઈશારે હેલ્મેટ કાયદાનો ફરજિયાત અમલ કરાવાશે તો રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આંદોલનનું રણશિંગું ફૂંકી સવિનય કાનૂનભંગ સહિતના કાર્યક્રમો અપાશે.

# બાપા સિતારામ ચોક નજીક સિરામિક શોરૂમના સંચાલક બંધુનો આર્થિક સલાહકાર પર ટાઈલ્સથી હુમલો

### યુવકના કહેવાથી રોકાણ કરેલા ૩૫ લાખ પરત માંગતા માર મારી ધમકી આપ્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયા ચોકડી પાસેની કર્મચારી સોસાયટી શેરી નં. ૬/૭ના ખુણે રહેતા અને આર્થિક સલાહકાર ઉપરાંત તેના રિસર્ચર તરીકે કામ કરતાં જતીન અરવિંદભાઈ ચાવડા (ઉ.વ.૩૫) ઉપર લાખો રૂપિયાની લેતી-દેતીને મામલે સિરામીક ટાઈલ્સનો શો રૂમ ધરાવતાં બે ભાઈઓએ સિરામીક ટાઈલ્સ વડે હુમલો કરી, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ ગાંધીગ્રામ-૨ પોલીસ મથકમાં નોંધાઈ છે.

જેમાં જતીનભાઈએ જણાવ્યું છે કે તેણે બીએસસી, આઈટી સુધી અભ્યાસ કર્યો છે. અગાઉ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં લેકચર આપવા પણ જતા હતા. તેની પાસે નાણાં ધીરધારનું લાયસન્સ છે. અગાઉ તેની સાથે ઓનલાઈન કામ કરતાં કલ્પેશ માથુકિયા મારફત રૈયા રોડ પરના બાપા સિતારામ ચોક નજીક એફોર્ટસ બાથ હબ સીરામીક અને રીકાટા નામનો સિરામીકનો શો રૂમ ધરાવતા અમિત કુંભાણી અને તેના ભાઈ નીતીન સાથે પરિચયમાં આવ્યા હતા.

તે અને બંને ભાઈઓ કેશોદના વતની છે. બંને ભાઈઓએ તેને શો રૂમમાં રોકાણ બદલ મૂડી પર પર દોઢેક ટેકા વળતર આપવાનું કહેતાં રૂ.૩૫ લાખ રોક્યા હતા. બંને ભાઈઓએ આઠેક મહિના પછી વળતર આપવાનું બંધ કરી દીધું હતું. જેથી ઉઘરાણી કરતાં મંદી હોવાનું જણાવી રૂ. ૨૪ લાખના ચેક આપ્યા હતા. જે રીર્ટન થયા હતા.

બંને ભાઈઓએ બાદમાં પેઢીનું નામ બાલાજી સિરામીક કરી નાખ્યું હતું. બપોરે અમિતે શો રૂમેથી પેમેન્ટ લઈ જવાનું કહેતાં માતા કાંતાબેન સાથે કારમાં ત્યાં પહોંચ્યા હતા. માતાને બહાર ઉભા રાખી શો રૂમમાં જતાં અમિત, તેનો ભાઈ નીતીન ઉપરાંત બે અજાણ્યા શખ્સો હાજર હતા. તે વખતે અમિતે હવે તું પૈસા માંગતો નહીં નહીંતર તને જાનથી મારી નાખીશ, તેમ કહ્યા બાદ બંને ભાઈઓએ બેફામ ગાળો ભાંડી, ગડદાપાટુનો માર માર્યો હતો. એટલું જ નહીં નીતીને સિરામીક ટાઈલ્સના આડેધડ ઘા ઝીંકી દીધા હતા. મહામહેનતે ત્યાંથી ભાગી બહાર નીકળી માતાને કારમાં બેસાડી સીધા ગાંધીગ્રામ-૨ પોલીસ મથકે જઈ ફરિયાદ નોંધાવી હતી.

# પ્રેમ લગ્ન કરનાર યુવતીનો પતિના ત્રાસથી કંટાળી ફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ

### મોરબી મોલમાં સાથે નોકરી કરતા યુવક સાથે પ્રેમ થતા લગ્ન કર્યા હતા પતિને અન્ય યુવતી સાથે ચેટ કરતા જોઈ જતા માથાકુટ થઈ'તીઃ પોલીસે ગુનો નોંધ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



શહેરમાં રહેતી યુવતિને લવમેરેજ કર્યાના છ મહિનામાં જ પતિએ ત્રાસ આપતા કંટાળી ગળેફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કરતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. બનાવના પગલે તેણીની ફરિયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે પતિ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રૈયારોડ ૫ જીવનનગર શેરી નં ૩માં ભાડાના મકાનમાં રહેતી સંગીતાબેન કિરીટભાઈ સોલંકી ઉ.૨૪એ ગાંધીગ્રામ પોલીસમાં મૂળ સુરેન્દ્રનગરના જોરાવનગર વિસ્તારમાં રહેતા પતિ મેહુલ જગદીશભાઈ વાઘેલા સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે હું મોરબી ડી-માર્ટમાં નોકરી કરતી ત્યારે ત્યાંજ મારી સાથે કામ કરતા મેહુલ સાથે પ્રેમ સંબંધ બંધાતા સુરેન્દ્રનગરમાં આર્ય સમાજમાં લગ્ન કર્યા હતા.બાદ અમદાવાદમાં પ્રેમલગ્ન કર્યા હતા.લગ્ન પછી જેતપુર રહેવા માટે ગયા હતા ત્યાં પતિ ડી-માર્ટમાં નોકરી કરતા હતા.થોડા સમય પછી પતિને રાજકોટ રહેવા તથા નોકરી માટે જવું હોવાથી રાજકોટ રહેવા આવી ભાડાનું મકાન રાખ્યુ હતું. દરમ્યાન પતિના ફોનમાં અન્ય યુવતિ સાથેના ચેટ તથા ફોટો બાબતે મને જાણ થતા અમો બન્ને વચ્ચે ઝઘડો થયો હોવાથી પતિ વતન સુરેન્દ્રનગર રહેવા ચાલ્યો ગયો હતો. ગત.તા.૧૩/૭પતિ પર રાજકોટ ઘરે આવી મને પોતાની સાથે વતન લઈ જવાની વાત કરેલ જેથી મે ના પાડતા તેણે ઝઘડો કરી મારકુટ કરેલ જેથી લાગી આવતા આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જણાવતા પોલીસે પતિ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પદાધિકારીઓ મસ્ત, શહેરીજનો ત્રસ્ત : ખાડા-ફાયર સેફટી મામલે કોંગ્રેસ આક્રમક

### શહેરીજનોને મનપાની સેવામાં પડતી અગવડતા સામે કોંગ્રેસે અવાજ ઉઠાવ્યોઃ પૂર્વ ધારાસભ્ય, પ્રદેશ નેતાઓ, શહેર કોંગ્રેસના હોદ્દેદારો કોર્પોરેશનમાં ઉમટયા





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાપાલિકા હેઠળની ખાડા, ફાયર સેફટી, મકાનોના કમ્પલીશન સર્ટીફીકેટ સહિતની કામગીરી મામલે આજે શહેર કોંગ્રેસે મહાપાલિકા તંત્રને ઢંઢોળ્યું છે. ૧૮ વોર્ડમાં લોકોને ત્રાસ છોડાવી દેતી ભાંગેલા રસ્તાની સમસ્યાથી માંડી રોગચાળા, બાંધકામ, વપરાશ પરવાના સહિતના પ્રશ્નો ઉકેલવા મનપા તંત્રને ૧૦ દિવસનું અલ્ટીમેટમ આપ્યું છે. આ ૧૦ દિવસમાં તંત્ર જાગશે નહીં તો વધુ ઉગ્ર કાર્યક્રમ આપવાની ચીમકી આજે કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ આપી હતી.

આજે સવારે કોર્પો. કચેરીમાં કોંગ્રેસના નેતાઓ, કાર્યકરો, મહિલા આગેવાનોએ ધામા નાખ્યા હતા. ભાજપ હાય હાય અને ભ્રષ્ટાચાર બંધ કરોના નારા લગાવ્યા હતા. તે બાદ ડે.કમિશ્નરને આવેદનપત્ર પાઠવ્યું હતું.

શહેર કોંગ્રેસ પ્રમુખ ડો.રાજદીપસિંહ જાડેજા, મનપા વિપક્ષી નેતા વશરામભાઇ સાગઠીયા, સૌરાષ્ટ્ર ઝોન પ્રભારી ભુપેન્દ્ર મારાવી, પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજયગુરૂ, પ્રદેશ ઉપપ્રમુખ હેમાંગ વસાવડા, મહામંત્રી જશવંતસિંહ ભટ્ટી, પૂર્વ પ્રદેશ મહિલા પ્રમુખ ગાયત્રીબા વાઘેલા, પૂર્વ શહેર પ્રમુખ અતુલ રાજાણીની આગેવાનીમાં આજે રાજકોટના લોકોને કનડતા પ્રશ્નો અંગે તંત્રને રજુઆત કરવાનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો.

મહિલા સહિતના આગેવાનો અને કાર્યકરોએ સુત્રોચ્ચારથી કોર્પો. કચેરી ગજવી હતી. તે બાદ ડે.કમિશ્નર હર્ષદ પટેલને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, વોર્ડ નં. ૧ થી ૧૮માં ખાસ કરીને શહેરના પોશ એરીયા અને છેવાડાના વિસ્તારોમાં લોકોને રસ્તા પરના ખાડાના પગલે ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. મોટાભાગના રસ્તાઓ ભાંગીને ભૂક્કો થયા છે જે રસ્તાઓ ભાંગીને ભૂકો થયા છે તે ગેરેન્ટી પિરિયડમાં છે ત્યારે કોન્ટ્રાક્ટર પણ સામાન્ય દંડ કરેલ છે.

જે રસ્તાઓ ભાંગી ગયા છે. તેમાં કોન્ટ્રાક્ટરને બ્લેક લિસ્ટ કરવા જોઈએ. શહેરમાં નવા ડામર રોડ બનતા હોય તે સ્થળે કોન્ટ્રાક્ટરનું નામ અને મોબાઈલ નંબર દેખાડતું સાઈન બોર્ડ લગાડવું જોઈએ. જિલ્લા પંચાયતમાં આ સિસ્ટમ છે. જ્યાં માનવી ત્યાં સુવિધાની વાતો કર્યા બાદ શહેરના છેવાડાના વિસ્તારમાં ગારો-કાદવ કિચડ અને ગંદકીનું સામ્રાજ્ય છે અને ખાડાઓના પગલે રોગચાળો ફાટી નીકળવાની દહેશત છે.

વધુમાં કોંગી આગેવાનોએ જણાવ્યું હતું કે શહેરમાં કુંડી અને ગટરના ઢાંકણા તૂટેલા હોય તે તાત્કાલિક મરામત કરવી જરૂરી છે વરસાદી પાણી ભરાતું હોય તે જગ્યાએ અને શહેરના મુખ્ય રસ્તા ઉપર પડેલ ખાડાઓમાં યોગ્ય મરામત થઈ નથી. ખાડાઓના પગલે ભૂતકાળમાં અનેક શહેરીજનો ખાડાઓમાં ખાબકતા મૃત્યુ થવાની ઘટના રાજકોટ મહાનગરપાલિકા અને પોલીસ તંત્રના રેકોર્ડ પર પણ મૌજુદ છે.

શહેરની હાઈરાઈઝ બિલ્ડીંગો અને ફ્લેટમાં જયાં નિયમ મુજબ ફાયર સેફ્ટીના સાધનો ફિટ કરવામાં આવે છે તેમાં મોટા પાયે ભ્રષ્ટાચારની બદબૂ આવે છે. ચોક્કસ જગ્યાએથી જ ફાયર સેફ્ટીના સાધનો ખરીદવાનો આગ્રહ રાખવામાં આવે છે અને મોટી સિસ્ટમ બતાવવામાં પણ અધિકારીઓના સેટિંગની શક્યતા છે. અનેક આકરા નિયમો છે જેમાં મહદ અંશે છૂટછાટ મળવી જોઈએ. ફાયર સેફ્ટીની કુલ કેટલી અરજીઓ આવી અને કુલ કેટલી અરજીઓ પેન્ડિંગ છે અને પેન્ડિંગ છે તો કયા કારણસર પેન્ડિંગ રાખવામાં આવી છે તેની સ્પષ્ટતા અરજદારોને તાત્કાલિક લેખિતમાં જાણ થવી જોઈએ. ફાયર સેફ્ટી નું એનઓસી આપવામાં ઘોર વિલંબ થઈ રહ્યો છે તેવી ફરિયાદ કોંગ્રેસે કરી છે.

મહાનગરપાલિકા વિસ્તારોમાં ફ્લેટ, મકાન અને હાઇરાઇઝ બિલ્ડીંગોમાં કમ્પલીશન મેળવવામાં અભિમન્યુના કોઠા વિંધવા પડે એવી હાલત છે અને કમ્પલીશન સર્ટી ન મળે ત્યાં સુધી ફલેટ અને મકાન ધારકોને લોન મળતી નથી. આ અંગે મહાનગરપાલિકામાં કમ્પલીશન સર્ટી. દરેક વોર્ડમાં કેટલા બાકી છે અને કયા કારણોસર કોમ્પલીશન સર્ટી આપવામાં આવેલ નથી તેની અરજદાર કે તેના આર્કિટેકટને જાણ કરી તાત્કાલિક આ બાબતે ઘટતી કાર્યવાહી જરૂરી છે. કોર્પો.માં ફાયર બ્રિગેડ, બાંધકામ શાખામાં અને ટાઉન પ્લાનિંગ શાખામાં મોટા પાયે ચાલતા ભ્રષ્ટાચારના પગલે શહેરીજનોને ભારે હાલાકી ભોગવવી પડે છે. દરેક ફાઈલો પર નોટિંગ થવું જોઈએ અને સમય મર્યાદામાં કામનો નિકાલ ન કરનાર અધિકારીઓ પર નિયમ મુજબ કડક કાર્યવાહી થવી જોઈએ તેવી માંગણી વિરોધ પક્ષે કરી છે.

આ રજુઆતમાં નરેન્દ્ર સોલંકી, આદિત્યસિંહ ગોહીલ, ગોપાલ અનડકટ, સંજય અજુડીયા, વૈશાલીબેન શિંદે, નરેશ સાગઠીયા, રહીમભાઈ સોરા, ગૌરવભાઈ પુજારા, ચંદ્રિકાબેન વરાણીયા, કિંજલ જોશી, બિંદિયાબેન તન્ના, પ્રતિમાબેન વ્યાસ, રણજીતભાઈ મુંધવા, ગજેન્દ્રસિંહ ઝાલા, ગોવિંદભાઈ સભાયા, ગોવિંદભાઈ સભાયા, પ્રભાતભાઈ ડાંગર, સંજયભાઈ લાખાણી, અનીષભાઈ જોશી સહિતના કોંગ્રેસના આગેવાનો કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# પોરબંદરમાં ૧૬ વર્ષની તરૂણીને કારમાં પાર્ટી પ્લોટમાં લઈ જઈ પાશવી કૃત્ય





### તરૂણીને કેફી પીણુ પાઈ હાથ-પગે સિગારેટના ડામ દઈ ગેંગરેપ, બે ઝડપાયા

**મુખ્ય સમાચાર, પોરબંદર**

પોરબંદરમાં નબીરાઓએ સગીરાને કેડી પીશુ પીવડાવીને વૃન્દાવન પાર્ટીપ્લોટમાં થઈ જઈ ગેંગરેપ આચર્યા બાદ તેને સિગરેટના ડામ આપ્યા હોવાનો શરમજનક બનાવ બન્યો છે જેમાં અંતે પોલીસે ચારેય આરોપીના નામ જાહેર કર્યા છે. અને તેમાંથી બેની અટકાયત કરી છે જુવારે હજુ બે આરોપી ફરાર છે. પોલીસે ગૂનામાં વપરાયેલ કાર પણ કબજે કરી છે.

પોરબંદરના ઉદ્યોગનગર પોલીસમથકમાં સગીરાના પિતાએ ગઈકાલે ગુરુવારે પોલીસ કરિયાદ નોંધાવી હતી જેમાં એવું જણાવ્યુ હતુ કે જી.આઈ.ડી.સી. રેસીડેન્સીમાં રહેતા જયરાજ દિલીપ સુંડાવદરા નામના શખ્સે ગત તા. ૨૨-૭ના રાત્રે સાડાભાર વાગ્યે તેની ૧૯ વર્ષ અને ૪ માસની સગીરવયની પુત્રીને નાતો કરવા માટે બહાર જવુ છે. તેમ કહી વલચાવીને તેના જ ઘર બહારથી પોતાની સારી કારમાં લઈ ગયો હતો. ત્યારબાદ જયરાજ ઉપરાંત મલ્હારસિંહ રઘુવીરસિંહ ચૌહાણ અને રાજુ લખમણભાઈ મુળીયાસિયાએ સગીરાને કોઈ કેડી પીલુ પીવડાવીને વનાણા પાસે આવેલા જયરાજના પિતાના વૃન્દાવન પાર્ટીપ્લોટમાં લઈ ગયા હતા. ત્યારબાદ ત્રણેય નરાધમોએ સગીરા સાથે ક્રમશ દુષ્કર્મ આચર્યું હતુ. આટલેથી ન અટકતા આ નામર્દ નરાધમોએ સગીરાના હાથ તથા પગમાં સિગરેટના પ્રેમ આપી ઈજા પહોંચાડી હતી. ત્યાર બાદ પાર્ટી પ્લોટ ખાતેથી સગીરાને મલ્હાર અને રાજ બંને સારી કારમાં જ ચોપાટી ખાતે લઇ ગયા હતા.ત્યાંથી મેરુ જેઠા સિંપલ નામના શખ્સની રંગની કારમાં મેરુ.મબાર અને રાજ સગીરાને ગામમાં લઇ ગયા હતા અને રાજે ભોગ ભનનારને લીંબુપાણી પીવડાવ્યુ હતુ. ત્યાર બાદ કરી ચોપાટી ખાતે લઈ ગયા હતા અને ત્યારબાદ વહેલી સવાર સુધી તેઓ ત્યાંજ રહ્યા હતા.અને સવારે સાડાચાર વાગ્યાના સુમારે બંને શખ્સો સગીરાને સફારી કારમાં બેસાડીને તેના પર પાસે મૂકી ગયા હતા. આ પ્રકારની ફરિયાદ ગઈકાલે બપોરે બે વાગ્યે નોંધાઈ ચુકી હોવા છતાં પોલીસે મીડિયા સમક્ષ બનાવ જાહેર કર્યો ન હતો અને પૂછ્વા છતાં તપાસ ચાલુ હોવાના ગાણા ગાયા હતા અને રાત્રે સવા અગિયાર વાગે તેવા સમાયા પણ બનાવની ટૂંકી હકીકત મીડિયાના ગ્રુપમાં જાહેર કરી હતી.તેમાં પણ માત્ર મુખ્ય આરોપી જયરાજનું જ આખું

નામ જાહેર કર્યું હતું અન્ય આરોપીઓના ટૂંકા નામ જ જાહેર કરતા અનેક સવાલો ઉભા થાય છે.

# દશામાના દર્શને જતાં પદયાત્રીને તેના મૃતક ભાઈ અંગે પૂછપરછ કરી ત્રિપુટીએ કર્યો હુમલો

### યુવાને લીફ્ટ માંગતા બાઈક સવાર અજાણ્યા શખ્સોએ માર માર્યાનો આક્ષેપ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં કોઠારિયા સોલવન્ટ વિસ્તારમાં આવેલ ૨૫ વારિયામાં રહેતો યુવાન ગઈકાલે દિવાસાના દિવસે શાપર દશામાના મંદિરે ચાલીને દર્શન કરવા જતો હતો ત્યારે કોરાટ ચોક પાસે અજાણ્યા બાઈક ચાલકને લીફ્ટ આપતા બાઈક સવાર ત્રિપુટીએ પદયાત્રી યુવકને તેના મૃત્યુ પામેલા ભાઈ અંગે પુછપરછ કરી પાઈપ વડે માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ કોઠારિયા સોલવન્ટમાં આવેલ ૨૫ વારિયામાં રહેતા મુળજીભાઈ વીરજીભાઈ સાડમિયા નામનો ૪૦ વર્ષનો યુવાન બપોરના સાડા અગિયારેક વાગ્યાના અરસામાં કોરાટ ચોકમાં હતો ત્યારે ત્રણ અજાણ્યા બાઈક સવાર શખ્સોની ઝઘડો કરી પાઈપ વડે મારમાર્યો હતો. હુમલામાં થવાયેલા યુવકને તાત્કાલીક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક પુછપરછમાં મુળજી સાડમિયાન ગઈકાલે દિવાસાના દિવસે શાપરમાં આવેલા દશામાના મંદિરે ચાલીને દર્શન કરવા જતો હતો ત્યારે કોસટ ચોક પાસે પહોંચતા ત્યાંથી પસાર થઈ રહેલા બાઈકને લીફ્ટ આપી હતી. બાઈક સવાર ત્રણેય અજાણ્યા શખ્સોએ નીચે ઉતરી મુળજી સાડમિયાના ભાઈ લાલજીનું એક વર્ષ પહેલા મર્ડર થયું હતું. તે અંગે તારો ભાઈ લાલજી ક્યાં છે તેમ કહી પાઈપ

# સિનર્જી હોસ્પિટલ પાસે મિત્રના ઝઘડામાં વચ્ચે પડેલા કારખાનેદાર ઉપર છરી વડે હુમલો

### છરી વડે હુમલો કરનાર ત્રણેય શખ્સ વિરૂદ્ધ તપાસનો ધમધમાટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૫૦ ફુટ રીંગ રોડ અયોધ્યા ચોક પાસે આવેલી સિદ્ધિવિનાયક સોસાયટીમાં રહેતા અને મેટોડા જીઆઈડીસીમાં કારખાનું ધરાવતા સિધ્ધાર્થ મુકેશભાઈ ડાંગર (ઉ.વ.૧૯) તેમના મિત્રો સાથે ચિનર્જી હોસ્પિટલની બાજુમાં આવેલી બેઠક નામની ચા નાસ્તાની દુકાન પર બેઠો હતો ત્યારે અગાઉ તેમની સોસાયટીમાં રહેતો જેનીસ માંડલીયા તેમના બે મિત્રો સાથે ધસી આવ્યો હતો અને મિત્ર યશ પ્રમારને ગાળો આપતા સિદ્ધાર્થ વચ્ચે પડતા તેમને હાથના ખભાના ભાવે છરી ઝીંકી દેતા ચાર ટાંકા આવ્યા હતા.આ મામલે ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. સિદ્ધાર્થભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈકાલ તા. ૨૪/૦૭/૨૦૨૫ ના રોજ રાત્રીના આશરે સવા અગિયારેક વાગ્યાની આસપાસ હું અને મારા મિત્રો યશરાજ પરમાર, રૂદ્ર માંડવીયા, મયંક પાનખાણીયા અને જૈનિસ સથવારા સાથે સિનર્જી હોસ્પિટલની બાજુમાં આવેલ બેઠક નામની ચા-નાસ્તાની દુકાન પર બેઠા હતા ત્યારે અગાઉ અમારી સોસાયટીમા રહેતો જૈનિસ હર્ષદભાઈ માંડલીયા તથા તેની સાથે ત્રણેક અજાણ્યા માણસો બે એકટીવા પર ત્યા આવેલ અને દુકાન સામે એક્ટીવા રાખી ને મારા મિત્ર યશરાજ પરમાર ને ગાળાગાળી કરવા લાગ્યો હતો. જેથી હુ વચ્ચે પડતા મને પણ આ લોકોએ ગાળો આપેલ અને જૈનીશ માંડલીયાએ મને એક લાફો મારી દિધેલ જેથી મે ઝગડો કરવાની ના પાડતા તેની સાથે એક્ટીવા ઉપર આવેલ અન્ય એક અજાણ્યા વ્યક્તિએ છરી કાઢી મારા જમણા હાથના ખંભા ઉપર છરીનો એક ઘા મારી દિધેલ જેથી અમે બુમા-બુમ થતા આ જૈનિસ માંડલીયા અને તેની સાથેના અજાણ્યા ત્રણેય વ્યક્તિઓ તેમના એકટીવા લઈ ત્યાથી ભાગી ગયેલા અને મને હાથમાં ખંભાના ભાગે લોહી નિકળતુ હોય જેથી મને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયેલા જ્યા ખંભા ઉપર ચાર ટાંકા આવ્યા હતા.

# સહકારી ક્ષેત્રને નવી ઉંચાઇ આપવા સરકાર કટીબધ્ધ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં સહકારી ક્ષેત્રને એક નવી ઉંચાઈ આપવા અને તેના માધ્યમથી ગ્રામીણ અને શહેરી ક્ષેત્રોમાં કૃષિ, બેન્કીંગ સહિતના ક્ષેત્રોમાં લોકોની ભાગીદારી વધારવા માટે દેશમાં નવી સહકાર નીતિની જાહેરાત કરવામાં આવી છે જેમાં હાલમાં જે રીતે ગ્રામીણ, જીલ્લા અને રાજય સ્તરે સહકારી બેંકોનું માળખુ છે.

તેની સાથે રાષ્ટ્રીય સ્તરે પણ એક સહકારી બેંક સ્થાપવા ભલામણ કરવામાં આવી છે. જે દેશમાં તમામ સહકારી ક્ષેત્રો માટે પાવર હાઉસ બની જશે. કેન્દ્રીય સહકારી મંત્રી શ્રી અમિત શાહ લાંબા સમયથી સહકાર ક્ષેત્રને મજબૂત બનાવવા માટે સક્રિય છે અને વિવિધ રીતે તેનો અમલ થઈ રહ્યો છે. પ્રથમ વખત મોદી સરકારના શાસનમાં આ રીતે સહકાર ક્ષેત્રને મજબૂત બનાવવા માટે કાર્ય થઈ રહ્યું છે. જેમાં નવી નીતિ મુજબ જે સહકારી એકમ કે સોસાયટી રાજય પૂરતી મર્યાદીત હોય તેનું રજીસ્ટ્રેશન રાજયમાં અને એકથી વધુ રાજયમાં સક્રિય હોય તે સહકારી સંસ્થાઓનું રજીસ્ટ્રેશન સહિતનો અધિકાર કેન્દ્ર સરકાર પાસે રાખવા માટે પણ ભલામણ કરાઈ છે.

દેશમાં જે રીતે નાની સહકારી બેંકો મુશ્કેલીઓનો સામનો કરે છે તેના માટે હવે તમામ સહકારી સંસ્થાઓ જે નાણાકીય કામકાજ સાથે જોડાઈ હોય તેના માટે રીઝર્વ બેંકને જવાબદારી સોંપાઈ છે. ભારતમાં ૮ લાખથી વધુ સહકારી મંડળીઓ છે જેમાં ૨ લાખ કે નાણાકીય પ્રવૃતિ સાથે જોડાયેલી છે.

## રાજકોટ શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને આર્કિટેક્ટ પ્રદિપભાઈ ત્રિવેદીનો આજે ૬૩મો જન્મદિન



રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ પ્રદીપભાઈ પ્રફુલચંદ્ર ત્રિવેદી તા.૨૬/૦૭/૧૯૬૩ ના રોજ વાંકાનેરમાં જન્મેલા પ્રદીપભાઈ યુવા વિદ્યાર્થી કાળથી જ કોંગ્રેસ પક્ષમાં યુવક કોંગ્રેસના મહામંત્રી, રાજકોટ યુવક કોંગ્રેસ પ્રમુખ, રાજકોટ શહેર કોંગ્રેસ મહામંત્રી, ગુજરાત કોંગ્રેસ કેમ્પેઈન કમિટી સદસ્ય, રાજકોટ મહાનગરપાલિકા શિક્ષણ સમિતિ વાઈસ ચેરમેન, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પૂર્વ મંત્રી, પૂર્વ ડેલીગેટ, તેમજ અલગ અલગ જીલ્લા શહેરોના નિરીક્ષક અને પ્રભારી અને રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ હાલ જામનગર શહેર-જિલ્લાના પ્રભારી પ્રદીપભાઈ ત્રિવેદીએ ડિપ્લોમા ઈન સિવિલ ઈન્જીનિયર અને બી.ટેક. સુધીનો અભ્યાસ કરેલ છે તેમજ વ્યવસાયે ૩૮ વર્ષ થી ત્રિવેદી કન્સલ્ટીંગ ઈજનેર અને વેલ્યુઅર છે તેમજ તેઓ એશોસિએશન ઓફ કન્સલ્ટીંગ સિવિલ એન્જીનીયર ના સ્થાપક ચેરમેન અને પૂર્વ પ્રમુખ, રીયલ રાજકોટ ડેવલોપર એસોસિએશન ના સ્થાપક ચેરમેન, બિલ્ડર એશોસિએશનના સભ્ય, વિશ્વ ભારતી પરિષદના કન્વીનર તથા અનેકવિધ બ્રહ્મ સંસ્થાઓ સાથે સંકળાયેલા અને લોકનીધી શરાફી સહકારી મંડળીના ચેરમેન પ્રદીપભાઈ ત્રિવેદી આજરોજ તેઓના જન્મદિવસ નિમિતે મો.૯૬૨૪૦૫૩૫૩૫ શુભકામનાઓ નો ધોધ વરસી રહ્યો છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# બામણબોર જીઆઇડીસીમાં બિયોન્સ બાયો સાયન્સ અને શ્રી રામનાથ કેમિકલ યુનિટમાં જીપીસીબીનું ચેકિંગ







ગુજરાતના કેમિકલ ઝોનની ફેક્ટરીઓમાંથી મગાવવામાં આવેલું હાઇડ્રોક્લોરિક એસિડ (HCL) અને યુનિટમાં મશીનરી અંગે તપાસ કરાઇ: જીપીસીબી દ્વારા ધગધગતો રીપોર્ટ તૈયાર કરી ગાંધીનગર મોકલવામાં આવ્યો







**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-અમદાવાદ હાઇવે પર આવેલા બામણબોર જીઆઇડીસીમાં ગેરકાયદે હાઇડ્રોકલોરિક એસિડ (HCL)ના જથ્થાનું વેંચાણ થતું હોવા અંગે મુખ્ય સમાચારની ટીમે કૌભાંડનો પર્દાફાશ કર્યા બાદ ગુજરાત પ્રદુષણ કંટ્રોલ બોર્ડ ગાંધીનગરથી તપાસના આદેશો કરવામાં આવતા સુરેન્દ્રનગરની જીપીસીબીની ટીમ દ્વારા બામણબોર જીઆઇડીસીમાં આવેલા બે યુનીટમાં ચેકિંગ હાથધરી ધગધગતો રીપોર્ટ તૈયાર કરી વડી કચેરીએ મોકલાવવામાં આવ્યો હોવાનું જાણવ મળ્યું છે.

ગુજરાતમાં કેમિકલ ઝોન ગણાતા અંકલેશ્વર, વડોદરા, દહેજ, જગડીયા સહિતની દસથી વધુ જીઆઇડીસીઓમાં આવેલી કેમિકલ ફેકટરીઓમાંથી નિકળતું વેસ્ટ હાઇડ્રોકલોરિક એસિડ (HCL)નો જથ્થો અન્ય નાના યુનિટના સંચાલકો આ કંપનીઓ સાથે કરાર કરી આ વેસ્ટનો જથ્થો ઉપાડતા હોય છે અને તેની જરૂરી પ્રોસેશ કરી બાયોપ્રોડકટ બનાવતા હોય છે. પરંતુ બામણબોર જીઆઇડીસીમાં આવેલ બે યુનિટના સંચાલકો દ્વારા આ જથ્થો બારોબાર મોરબીની સીરામીક ફેકટરીઓને વેંચી દઇ લાખોની કમાણી કરી ગેરકાયદે કૌભાંડ કરતા હોવાનો મુખ્ય સમાચારની ટીમે અગાઉ પર્દાફાશ કર્યો હોય જેના પગલે ગાંધીનગર ગુજરાત પ્રદુષણ બોર્ડના મેમ્બર ઓફ સેક્રેટરીના ધ્યાને આવતા આ સમગ્ર કૌભાંડની તપાસ કરવા સુરેન્દ્રનગર જીપીસીબીના અધિકારીઓને આદેશ કરવામાં આવ્યો હતો.

જેના પગલે રાજકોટ અમદાવાદ હાઇવે પર આવેલ બામણબોર જીઆઇડીસીમાં હાઇડ્રોકલોરિક એસિડ (HCL)નો જથ્થો મંગાવી બાયોપ્રોડકટ બનાવતા બિયોન્સ બાયો સાયન્સ નામના યુનિટમાં તથા શ્રી રામનાથ નામના યુનિટમાં સુરેન્દ્રનગર જીપીસીબી બોર્ડના અધિકારીઓ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. કેમિકલ ઝોન અંકલેશ્વર, વડોદરા, દહેજ, જગડીયા સહિતની કેમિકલ ફેકટરીઓમાંથી મંગાવવામાં આવેલ વેસ્ટ હાઇડ્રોકલોરિક એસિડ (HCL)નો જથ્થો કેટલા ટન આવ્યો અને તેમાંથી કેટલો બાયો પ્રોડકટ બનાવ્યા તે અંગે ચેકિંગ હાથ ધરાયું હતું અને ફેકટરીમાં આ વેસ્ટ હાઇડ્રોકલોરિક એસિડ (HCL)નો જથ્થો સાચવવા માટે અને તેની પ્રોસેસ કરવા માટે સાધન, સામગ્રી તથા સીસ્ટમ અંગે પણ જીપીસીબી બોર્ડ દ્વારા તપાસ હાથ ધરાઇ હતી. ઉચ્ચ અધિકારીઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, આ બન્ને યુનિટમાં ચેકિંગ હાથધરી ધગધગતો રિપોર્ટ તૈયાર કરી ગાંધીનગર ગુજરાત પ્રદુષણ બોર્ડના મેમ્બર ઓફ સેક્રેટરીને મોકલાવવામાં આવ્યો હોવાનું જણાવવામાં આવ્યું છે. આવનારા દિવસોમાં ગાંધીનગરની વડી કચેરીએથી આ રિપોર્ટ ચેક કર્યા બાદ જરૂરી આકરા પગલા આ બન્ને યુનિટો વિરૂધ્ધ ભરવામાં આવે તેવા અણસાર વર્તાય રહ્યા છે.

## ગૃહમંત્રીના હસ્તે રાજકોટ LCB ઝોન -૨ ના PSI આર.એચ.ઝાલા સહિત પાંચ કર્મચારીનું સન્માન

### આરોપીઓને કડક સજા અપાવવામાં અને અનડીટેકટ ગુના ડીટેકટ કરવામાં તથા અરજદારોને ન્યાય આપવામાં રાજકોટ પોલીસની ઉમદા કામગીરી: હર્ષ સંઘવી





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યમાં ગૃહ અને પોલીસ હાઉસિંગ મંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને રાજકોટ શહેર પોલીસ કમિશનરની કચેરી ખાતે પોલીસ અધિકારીઓ અને જનપ્રતિનિધિઓની બેઠક યોજવામાં આવી હતી.જેમાં રાજકોટ શહેર અને જિલ્લામાં અરજદારોને ન્યાય આપવાની ઉમદા કામગીરી બદલ મંત્રી હર્ષ સંઘવીએ પોલીસ ટીમને અભિનંદન પાઠવી લોકદરબારમાં રજૂ થયેલા પ્રશ્નોનું તુરંત નિરાકરણ લાવવા તાકીદ કરી હતી.

આ તકે ગૃહમંત્રી હર્ષ સંઘવીના હસ્તે રાજકોટ એલસીબી ઝોન ૨ પી ૧.એસ.આઈ. આર. એચ. ઝાલા અને ભક્તિનગર પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ નિલેશ મકવાણા, એ.એસ.આઇ.વિજયરાજસિંહ જાડેજા, પોલીસ કોન્સ્ટેબલ હાર્દિકસિંહ પરમાર અને જીતેશ દાફડાને સરાહનીય કામગીરી બદલ પ્રશંસાપત્ર આપીને તેમને સન્માનિત કરવામાં આવ્યા હતાં. તેમજ આ તકે મંત્રીએ રાજકોટ શહેર-ગ્રામ્ય પોલીસ તંત્રને કામગીરીને બિરદાવી હતી.

ઉલ્લેખનીય છે કે રાજકોટ એલસીબી ઝોન ૨ ના પી.એસ.આઈ.આર.એચ. ઝાલાની ટીમે પરફોડ ચોરી સહિતના અનડીટેકટ કેસો ઉકેલવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. જ્યારે ભક્તિનગર પોલીસ સ્ટેશનના એ.એસ. આઈ નિલેશભાઈ મકવાણાએ વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫માં દુષ્કર્મ, ખૂન, એન.ડી.પી.એસ કેસમાં ૧૫ થી વધુ આરોપીઓને કોર્ટમાં કડક સજા અપાવી હતી.

આ ઉપરાંત ક્રાઈમ બ્રાંચના એ.એસ.આઈ.વિજયરાજસિંહ જાડેજાએ મિલકત સબંધી ગુનામાં ૧.૫૦ કરોડથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ સાથે એસ.ઓ.જીના પોલીસ કોન્સ્ટેબલે એન.ડી.પી.એસ કેસોમાં બાતમી મેળવવામાં અગ્રેસર રહી કેસો કર્યા હતા તેમજ ટ્રાફિક શાખાના કોન્સ્ટેબલ જીતેશ દાફડાએ અકસ્માત કેસોમાં ૪૦ થી ૫૦ લાખની સહાય મંજુર કરાવી ભોગ બનનાર પરિવારને અપાવી હતી

આ બેઠકમાં મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્યો ડો. દર્શિતાબેન શાહ, ઉદયભાઈ કાનગડ અને રમેશભાઈ ટીલાળા, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવીણાબેન રંગાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, રેન્જ આઈ. જી. અશોકકુમાર યાદવ, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા,ગ્રામ્ય પોલીસ અધિક્ષક હિંમકરસિંહ, નાયબ પોલીસ કમિશનરો સજનસિંહ પરમાર, પાર્થરાજસિંહ ગોહિલ અને જગદીશ બાંગરવા, ટ્રાફિક ડી.સી.પી. પૂજા યાદવ અને મદદનીશ પોલીસ કમિશનરો રાધિકા ભારાઈ અને ભરત બસિયા, અગ્રણીઓ માધવભાઈ દવે, ભરતભાઈ બોષરા, લીલુબેન જાદવ, મનીષભાઈ રાડિયા, મુકેશભાઈ દોશી સહિત પોલીસ અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## હેલમેટનું પાલન કરાવવું જ પડશે: પોલીસ અને મનપાના પદાધિકારીઓને ગૃહમંત્રીનો આદેશ

### રોંગ સાઇડમાં વાહન ચલાવનારાને પણ છોડવાના નથી





**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી ૮ સપ્ટેમ્બરથી રાજકોટમાં સ્કૂટર ચલાવનાર અને પાછળ બેસનાર એમ બન્ને માટે હેલમેટ પહેરવું ફરજિયાત બની જશે અને જો નિયમભંગ થશે તો દંડની ભરપાઈ કરવી પડશે તેવી જાહેરાત પોલીસ દ્વારા કરવામાં આવતા જ લોકોમાં દેકારો બોલી ગયો હતો. બીજી બાજુ શુક્રવારે ગૃહમંત્રીએ પોલીસ અધિકારીઓ તેમજ મહાપાલિકાના પદાધિકારીઓ સાથે એક સંક્ષિપ્ત બેઠક કરી હતી જેમાં પણ આ મુદ્દો ચર્ચામાં આવતાં તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે ભલે ઉહાપોહ થાય, રોષ ફાટી નીકળે પણ હેલમેટનું પાલન કરાવવું જ પડશે. આ કામગીરી એકલી પોલીસી નથી એટલા માટે મહાપાલિકા સહિતના તંત્રએ પણ તેમાં સહભાગી થવું પડશે. આ ઉપરાંત રોંગ સાઈડમાં વાહન ચલાવનારા લોકોને પણ દંડ ફટકારવાનો આદેશ ગૃહમંત્રી દ્વારા આપવામાં આવ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે આ બેઠક ટ્રાફિક સમસ્યાનું નિવારણ કેવી રીતે લાવી શકાય તે બાબતે મળી હતી પરંતુ તેમાં માત્રને માત્ર હેલમેટનો મુદ્દો જ ચર્ચાયો હતો અને ટ્રાફિક સમસ્યા વકરી કેમ રહી છે તે બાબતે કોઈ જ મહત્ત્વની ચર્ચા કરવામાં આવી ન્હોતી ! વળી, ટૂંક સમયમાં રાજકોટના અલગ-અલગ ચોકમાં ટ્રાફિક સિગ્નલમાં પણ વધારો કરવાની સુચના અપાઈ હોવાનું જાણવા મળ્યું હતું.

ગૃહમંત્રીએ એમ પણ જણાવ્યું કે લોકોની ટીકા સહન કરીને પણ હેલમેટ ડ્રાઈવ શરૂ કરવી જરૂરી છે સાથે સાથે લોકોને એ સમજણ પણ અપાવવી પડશે કે પોલીસનો હેતુ દંડ ઉઘરાવવા માટે નહીં બલ્કે લોકોનું જીવન બચાવવાનો છે. હેલમેટ ઝુંબેશને ક્રિએટિવ બનાવવા પોલીસ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ પણ આ આંદોલનમાં જોડાવું પડશે.

## બાયપાસ રોડ માથાના દુખાવો: આજી GIDCથી ખોખડદળ નદીના પુલ નીચે ઓવરબ્રીજ બનાવવા માંગ

### નેશનલ હાઈવે ઓથોરિટીને સ્થાનિકોને સાથે રાખી કોંગ્રેસની રજૂઆત





**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજી થી ખોખળદડ નદીના પુલ સુધીના નેશનલ હાઈવેના કારણે આ વિસ્તારના ૧૨ હજાર ઉદ્યોગ, ૨૯થી વધુ સોસાયટીમાં રહેતા ૨૫ હજાર લોકો માટે માથાના દુખાવારૂપ બની ગયો છે. ટ્રાફિકથી ધમધમતા એવા આ બાયપાસ રોડ ઉપર દૈનિક હજાર વાહનચાલકો ભારે યાતના ભોગવી રહ્યા છે. આથી ખોખડદળ નદીના પુલ ઉપર ઓવરબ્રીજ બનાવવામાં આવે તો કાયમી સમસ્યામાંથી છૂટકારો આવેદનપત્ર કરવાની માંગ સાથે સ્થાનિકોએ નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીઓને પાઠવવામાં આવ્યું હતું.

સ્થાનિકોએ રોષભેર જણાવ્યું હતું કે, નેશનલ હાઈવે ઉપર બે નદીના પુલ આવેલા હોવાથી રોડની બન્ને બાજૂ વાહનોની અવરજવર થાય છે જેથી રાહદારીઓને રોંગસાઈડથી ફરજિયાત ચાલવુ પડે છે તેના કારણે અકસ્માતનો ભય રહે છે અને પોલીસ તંત્રના દંડનો ભોગ બનવું પડે છે. છેલ્લા એક દાયકામાં આ રોડ ઉપર ૫૦ જીવલેણ અકસ્માત થયા છે આ વિસ્તારમાંથી દરરોજ હજારો વિદ્યાર્થીઓ શાળાએ જતા હોય વાલીઓમાં ચિંતાગ્રસ્ત રહે છે. આથી આ સમસ્યાના કાયમી નિરાકરણ માટે રામવન જવાના રસ્તે આજી નદીના પુલ પાસે અન્ડરબ્રીજ બનાવી શકાય તેમજ આજી નદીના પુલ નીચે દ્રી-ચક્રિ, ફોર વ્હીલની અવરજવર માટે એપ્રોચ રોડ આપવો તેમજ વડાળી ગામ પાસે રોડ નીચે વરસાદી પાણીના નિકાલ માટે અન્ડરબ્રીજ બનાવવા માંગણી કરવામાં આવી છે.

## જેતપુરના ઉદ્યોગનગરમાં દારૂ-બિયરનો જથ્થો ભરેલી કાર સાથે એક ઝડપાયો

### એક ફરાર: રૂ.૩.૪૦ લાખનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યા



**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરમાં સાડા ત્રણ લાખના દારૂ બિયર સાથે એક ઝડપાયો છે. ઉદ્યોગ નગર પોલીસે ભયિફિ કાર નો ફિલ્મી ઢબે પીછો કરતા કારચાલક કિચન ઓટલા સાથે કાર ભટકાડી નાસી છૂટયો છે.કારમાં બેઠેલ અન્ય એક બુટલેગર આપતાબ ઉર્ફે દાઉદ ને દારૂ અને કાર સાથે ઝડપી લેવામાં આવ્યો છે

આ અંગેની બનાવની વિગત ગતરાત્રિના ઉદ્યોગ નગર પોલીસે પેટ્રોલિંગ દરમિયાન ૩.૪૦ લાખનો બિયર અને દારૂનો જથ્થો સાથે એક શખ્સને ઝડપી પાડયો છે જ્યારે અન્ય એક બુટલેગર નાસી છૂટો છે .જેતપુર શહેરમાં દારૂની બદીઓ દૂર કરવા પોલીસ અધિકારીઓ ની સૂચના મુજબ ઉદ્યોગ નગર પોલીસ સ્ટેશનના પીઆઈ ઠાકોર સાહેબ તેમના સ્ટાફ રિઝવાન ભાઈ, કેતનભાઈ, વાસુદેવભાઈ, હિતેશભાઈ ને સાથે રાખી પેટ્રોલિંગમાં નીકળ્યા હતા ત્યારે બાતમી ના આધારે જૂના રાજકોટ રોડ પરથી જેતપુર તરફ કારમાં દારૂ આવી રહ્યો હોવાની માહિતી મળતા વોચ ગોઠવી હતી તે મુજબ એક ભયિર્કિ કાર નંબર જીજે ૪ઈએ ૩૩૯૧ પસાર થતાં તેને રોકવાનો પ્રયત્ન કરતા પણ કાર ચાલકે આ કારને ભગાવી મૂકી હતી તેથી પોલીસે તેનો પીછો કરેલ અને કાર ચાલકે ભાદરના સામે કાંઠે એક ઓટલા સાથે કાર ભટકાડી નાસી છૂટ્યો હતો તે દરમિયાન પોલીસે કારમાં બેઠેલો અન્ય બુટલેગર ને પકડી પાડી કારની તલાશી લેતા કારમાંથી જુદી જુદી બ્રાન્ડની ૧૮૦ દારૂની બોટલ ૬૪૮ બિયરના ટીન ક્રેટા કાર મોબાઈલ વગેરે મળી ૮,૬૦,૦૦૦ નો મુદ્દા માલ પકડી પાડેલ છે પૂછપરછ કરતા જે બુટલેગર નાસી છૂટેલો છે તેનુ નામ કિશન મકવાણા હોવાનું જાણવા મળે છે ઉધ્યોગ નગર પોલીસે બંને શખ્સો વિરુદ્ધ દારૂબંધીનો ગુનો દાખલ કરી કિશનને પકડી પાડવા ચક્રો ગતિમાન કરેલ છે તદ ઉપરાંત પેટ્રોલિંગ દરમિયાન બાતમી ના આધારે મોટા ચોકમાં જૈન દેરાસર પાસે રહેતો મિતુલ તેના રેણાક મકાનમાં દારૂનો ધંધો કરતો હોય તેના મકાન ઉપર દરોડો પાડતાં મિથુન હાજર ન હતો પણ સીડી નીચેથી ખોખામાં ઇંગ્લીશ દારૂના ચપલા નંગ ૩૨ મળી આવેલ હતા. મિથુન ચાવડા વિરુદ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી કરી છે

## ગુજરાતમાં દારૂ ઘૂસાડવામાં બુટલેગરને મદદ કરનાર SMCનો કોન્સ્ટેબલ ઝડપાયો

### ૧૫ લાખ મોકલો, વીજિલન્સ આવશે તો પણ રેડ નહીં થાય હેડ કોન્સ્ટેબલે બુટલેગરને જણાવ્યું હતું: ૧. ૭૩ કરોડનો દારૂ ઝડપાતા કોન્સ્ટેબલ સાજણે ૧૫ લાખ લીધાનો ખુલાસો થયો



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગાંધીના ગુજરાતમાં દારૂ ઘુસાડવા માટે એસએમસી (સ્ટેટ મોનિટરીંગ સેલ)ના હેડ કોન્સ્ટેબલ સાજણ આહીરે એસએમસીના ગુજસીટોકના ગુનામાં ફરાર રાજસ્થાનના ગેંગસ્ટર કમ બુટલેગરને ૧૫ લાખ લઈ મદદ કર્યાનો ઘટસ્ફોટ થયો છે. એસએમસીએ આરોપી કોન્સ્ટેબલ સાજણ આહીરની અટક કરી વડોદરા ગ્રામ્ય પોલીસને સોંપવાની તજવીજ ચાલી રહી છે. એસએમસીએ વડોદરા ગ્રામ્યના સાંપા ગામ પાસેથી નવ દિવસ પહેલા પકડેલા ૧.૭૩ કરોડના દારૂના કેસમાં હેડ કોન્સ્ટેબલ સાજણ બુટલેગર અનિલ પાંડીયા પાસેથી ૧૫ લાખ લીધાનો ઘટસ્ફોટ થયો છે. સાજણે બુટલેગરને સિસ્ટમ સમજાવતા જણાવ્યું હતું કે, વિજિલન્સ આવશે તો પણ રેડ નહીં થાય. એસએમસીએ સાજણ આહીરનું નામ ખુલતા તેણે ફરજ મુક્ત કરી દેવભૂમિ દ્વારકા જિલ્લા ખાતે પરત કરી ફરજ મોકૂફી પર મુક્યો હતો. પોલીસે ફરાર સાજણનું લોકેશન મેળવી તેની અટક કરી વડોદરા ગ્રામ્ય પોલીસને સોંપવા તજવીજ કરી છે. એસએમસીના ડીઆઈજી નિર્લિપ્ત રાયે સમગ્ર મામલે તપાસ શરૂ કરાવતા પોલીસને સાજણ અને બુટલેગર પાંડિયા વચ્ચેની વાતચીતની પાંચ કલીપ મળી હતી.

આ કિલપમાંથી બેમાં કોન્સ્ટેબલ સાજણ બુટલેગરને વિજિલન્સ આવે તો પણ રેડ નહીં થાય તેવી સિસ્ટમ સમજાવી રહ્યાના પુરાવા મળ્યા છે. આમ, કોન્સ્ટેબલ સાજણ એસએમસીના ગુજસીટોકના ગુનામાં વોન્ટેડ બુટલેગર અનિલ પાંડિયાના સંપર્કમાં હતો. આ સાથે ગુજસીટોકના ગુનામાં વોન્ટેડ બુટલેગર અનિલ પાંડીયાને મદદ કરવાના ગુના બદલ હેડ કોન્સ્ટેબલ સાજણ આહીરનું નામ ગુજસીટોકના ગુનામાં ઉમેરવા માટે એસએમસીએ તજવીજ શરૂ કરી છે.

## કોઠારીયા સોલવન્ટમાં પરિણીતાએ ગુસ્સામાં ઝેરી દવા પી લેતા તબિયત લથડી

### રાજકોટમાં પત્ની સાથે ઝઘડો થતા પતિએ હાથમાં ચાકુ વડે કાપા માર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમા કાલાવડ રોડ પર આવેલી પુષ્કારધામ સોસાયટીમાં રહેતા યુવકને પત્ની સાથે ઝઘડો થતા પોતની જાતે ચાકુ વડે હાથની નસ કાપી હતી. યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ પુષ્કરપામ સોસાયટીમાં રહેતા અને કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવતા શુભમ જાનવેરભાઈ જોજલ નામના ૩૦ વર્ષના યુવકને રાત્રીના સમયે પોતાની પત્ની પ્રીતીબેન સાથે ઝઘડો થતા શુભમ જોજલે ગુસ્સામાં પોતાની જાતે હાથમાં ચાકુના કાપા માર્યા હતા. યુવકને ઇજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

બીજા બનાવમાં કોઠારીયા સોલવન્ટમાં કારખાનામાં કામ કરતી પ્રીતીબેન વિકાસભાઇ શાંતિ નામની ૧૮ વર્ષતી પરિણીતાએ ગુસ્સામાં ઝેરી દવાપી લીધી હતી. શ્રમિક પરિણીતાને ઝેરી અસર થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. ઉપરોકત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.